
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



અજ્ઞાનતિમિરતરણી મરુધરોદ્ધારક
આચાર્ય શ્રીમદ્
વિજયવલ્લભ સૂરીશ્વરજી મહારાજ.

પુસ્તક ૩૫ મું
અંક ૧૨ મો.
અષાડ

. સં. ૪૩
સં. ૨૪૬૪
૧-૪-૦

પ્રકાશક
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય-પરિચય.


| | | |
|---|---|---|
| ૧. | શ્રી વલ્લભ દીક્ષાર્દ્ધ શતાબ્દિ મહોત્સવ તથા શ્રીમદ્ વિજય-વલ્લભસૂરીશ્વરજીનું ટૂંક જીવનચરિત્ર ( રેવાશંકર વાલજી બધેકા ) | ૨૮૧ |
| ૨. | અંબાલા-પંજાબમાં અપૂર્વ મહોત્સવો ... ... ... | ૨૮૪ |
| ૩. | શ્રી વલ્લભ દીક્ષાર્દ્ધ શતાબ્દી મહોત્સવ (અમદાવાદ)... ... | ૩૦૦ |
| ૪. | સમ્યગ્ જ્ઞાનની કુંચી ... ... ... | ૩૦૨ |
| ૫. | ક્ષણિક વસ્તુઓમાં આસક્ત થઇને અનંતુ જીવન ક્ષણિક ન બનાવો. ... ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિ મહારાજ ) ... | ૩૦૪ |


---

## અમારા સુજ્ઞ ગ્રાહકોને નમ્ર સૂચના.

### "શ્રી આત્માનંદ પ્રકાશ" દર ઇગ્રેજી મહિનાની વીસમી તારીખે પ્રગટ થશે.

"શ્રી આત્માનંદ પ્રકાશ" દર મહિનાની પૂર્ણિમાએ પ્રગટ થતું હતું પરંતુ સરકારી પોસ્ટખાતાના ફરમાન મુજબ હવે ઉપરોક્ત તારીખે પ્રગટ થશે છતાં મુખપૃષ્ઠ ઉપર ગુજરાતી મહિનો છપાશે તે જણાવવા રજા લઇએ છીએ.

---


જલ્દી મંગાવો. ઘણી થોડી નકલો છે. જલ્દી મંગાવો.

### શ્રી ત્રિષષ્ઠિશલાકા પુરૂષચરિત્ર પ્રથમ પર્વ.

પ્રતાકારે તથા બુકાકારે સુંદર ટાઇપ, ઊંચા કાગળ, સુશોભિત બાઇન્ડીંગથી તૈયાર છે. થોડી નકલો બાકી છે. કિંમત મુદ્દલથી ઓછી રૂા. ૧-૮-૦ પો. જુદું.

બીજા પર્વથી છપાય છે.


---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમારા માનવંતા ગ્રાહકોનો આભાર અને

# નમ્ર સૂચના.

---

" શ્રી આત્માનંદ પ્રકાશ " માસિક આવતા ( શ્રાવણ ) માસથી છત્રીશમાં વર્ષમાં પ્રવેશ કરશે. આ નવા વર્ષના મંગળમય પ્રવેશના સમયે માસિકને વધુ વિકસાવવાની અમારી મંગળમય ભાવના છે. માસિકનો બાહ્ય પ્રદેશ કદ ( સાઈઝ ) મુખપૃષ્ઠ વિશેષ સુંદર બને તથા તેની સાહિત્ય સામગ્રી તેટલીજ ( સુંદર લેખોવડે ) મનનીય પીરસાય અને તેમાં વિશેષ વધારો થાય તેવી અમારી ઉત્તમ ભાવના છે. તેમાં આપ સુજ્ઞ ગ્રાહક મહાશયોનો પણ સહકાર જરૂરી છે. આપને સુવિદિત છે કે આ માસિક કોઈ વ્યાપારી નફો પ્રાપ્ત કરવાની દષ્ટિથી ચાલતું નથી, પરંતુ આટલા વર્ષ થયા કેવળ સાહિત્યસેવાની ઉમદા ભાવનાથી તે પાંત્રીશ વર્ષથી પ્રગટ થતું આવે છે અને આજ પર્યંત તેણે એ રીતે સમાજની નિઃસ્વાર્થ સેવા બજાવી છે. એટલુંજ નહિ પરંતુ દર વર્ષે ભેટની પણ વિવિધ સાહિત્યની મોટા ખર્ચ કરી સુંદર બુકો આપેલ છે. ઉપરોક્ત સેવાની સિદ્ધિ અર્થે અમોએ આ માસિકને તેની અપાતી ભેટની બુકો સાથે દરેક રીતે સમૃદ્ધ-સુંદર બનાવવાની જે મંગળ ભાવના નવા વર્ષથી ધારી છે. તેમાં પણ નફો કાઢવા કે વ્યાપારી દ્રષ્ટિનો વિચાર બિલકુલ નહિ કરતાં વધારે સુંદર પ્રગટ કરતાં તેના અંગે ખર્ચ પણ વધારે થશે તેને જ માત્ર પહોંચી વળવા હાલ છે તેથી વાર્ષિક લવાજમમાં માત્ર ચાર આનાનો જ વધારો કરવાનો છે તો આપે અત્યાર સુધી ગ્રાહક રહી જે કદર કરી છે-ઉત્તેજન આપ્યું છે તેને માટે સર્વ ગ્રાહક બંધુઓનો ઉપકાર માનીએ છીએ અને હવે પછી તે જ રીતે ગ્રાહક રહેવા અને આપની ઓળખાણવાળા, આપના નિવાસસ્થાનમાં રહેનારા જૈનબંધુઓને નવા ગ્રાહક બનાવી તે તેરી ઉત્તેજન આપવા નમ્ર સૂચના છે

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ

# શ્રી આત્માનન્દ પ્રકાશ.

जन्मनि कर्मक्लेशैरनुबद्धेऽस्मिंस्तथा प्रयतितव्यम् ।
कर्मक्लेशाभावो यथा भवत्येष परमार्थः ॥ १ ॥

" કર્મરૂપ કષ્ટથી વ્યાપ્ત એવા આ જન્મમાં એવો ( શુભ )
પ્રયત્ન કરવો કે જેના પરિણામે કર્મરૂપ કષ્ટ ( સદંતર )
વિનાશ પામે,–આ ( માનવજન્મનું ) રહસ્ય છે. "

શ્રીમદ્ ઉમાસ્વાતિવાચક–તત્ત્વાર્થ ભાષ્ય.

पुस्तक ३६] वीर सं. २४६४. अषाड आत्म सं. ४३. आ० श० वर्ष २ जुं [अंक १२मो.

## શ્રી વલ્લભ દીક્ષાર્દ્ધ શતાબ્દી મહોત્સવ

તથા

## શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી ટૂંક જીવનચરિત્ર.

દોહરા.

ગુણવંતી ગુજરાતમાં, વટપત્તન વિખ્યાત;
પાકયા પ્રૌઢ પ્રસિદ્ધ જ્યાં, " નરરત્નો " રળિઆત. ૧

કૈંક વડા વેપારીઓ, કૈંક વડા વિદ્વાન;
રાજ્યરત્ન પણ જ્યાં ઘણાં, મ્હોટાં પામ્યા માન. ૨

તપસ્વીઓ ને યોગીઓ, ધર્મતણા રખવાળ;
બોધક શોધક શાસ્ત્રના, (જે) જીત્યા જગ–જંજાળ. ૩

દાન–ધર્મના વીરનર, વિદ્યાવીર ઘણાય;
એ સદ્ગુણથી શહેર આ, વીરક્ષેત્ર લેખાય. ૪

યોગી પણ જન્મ્યા રૂડા, વડોદરા મોઝાર;
શ્રીમદ્ વિજયવલ્લભગુરુ, આ પૂરના શણગાર. ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## છંદ ઝુલણા.

ખ્યાત ગુજરાત રળિઆત ભારત વિષે, જ્યાં નરો નીપજે રત્ન જેવા,
સાધુઓ, સંત, ને યોગીઓ, ગુરુજનો, સેવતા ધર્મની સત્ય સેવા;
એ રૂડા શહેરમાં જન્મ જેનો થયો, દેશ—પરદેશમાં ખ્યાતિ પામ્યા,
જગત વિખ્યાત જેને મળ્યા સદ્ગુરૂ, ત્યાગ વૈરાગ્ય ઉરમાંહી જામ્યા–૧

નામ એ નિર્મળું विजयवल्लभसूरि, આત્મયોગી અને દિવ્યજ્યોતિ,
જ્ઞાનભંડાર ભારે ભર્યો ઉરમાં, તત્ત્વમાં તત્ત્વ શોધ્યાં જ ગોતી;
સકળ શાસ્ત્રોતણો સાર શોધી લીધો, સ્વાન્તનાં જેમ સાચાં જ મોતી,
ધર્મતત્ત્વો શીખાવ્યાં સમાજે રૂડાં, વાણીધારા મીઠી ગંગ વ્હેતી–૨

પ્રબળ પંજાબમાં જ્ઞાનના કેશરી, विजयआनंदसूरि ધર્મ—મૂર્તિ,
તેમના ચરણકમળે ધર્યું શિશ ને, અંતરે સ્થાપી એ સત્ય સૂરતી;
જૈન શાસનતણી પ્રબળ વૃદ્ધિ થવા, ઠામ ઠામે થયા પંથગામી,
સરળ શૈલી અને સૌમ્યતા–સત્યતા, જૈન બન્ધુતણે હૃદય જામી-૩

ધાર અમૃતતણી મીઠડા મેહુલા, જ્ઞાન–વરસાદની વૃષ્ટિ કીધી,
શાંત ને સુભગ છે શુભભરી શારદા, જ્ઞાન–તીરે દીધાં હૃદય વીંધી;
સત્ય શું ? ધર્મ શું ? કર્મના મર્મ શું ? વિવિધ–વિચાર દીક્ષા જ દીધી,
જ્ઞાનનિધિ સંતના શુદ્ધ શણગાર છે, જેમની સર્વદા વાત સીધી–૪

એ મહાપુરુષની દિવ્યમૂર્તિતણું, ચિત્ર ચીતરી શકે શું ચિતારો ?
આત્મયોગીતણા આત્મની ભાવના, શું જાણી શકે કવિ કો બિચારો ?
શહેર **વટપત્તને** પૂજ્યને ઓળખ્યા, જે થકી પ્રાપ્ત ભવસિન્ધુ આરો,
પૂર્ણ પચાસ વર્ષોતણી સેવના, અર્ધ શતાબ્દીનો લ્હાવ સારો–૫

ગામ ગામે કર્યાં કામ ધર્મોતણાં, ગણિતથી પાર જેનો ન આવે,
જૈન કોલેજનું મુહૂર્ત્ત મંગળ કર્યું, જેનું વર્ણન બધાં પત્ર ગાવે;
જૈન વિદ્યાલયો સ્થાપીયાં–માપીયાં, વિવિધ વિદ્યા પ્રસારી પ્રભાવે,
તિમિર ટાળી અને જ્ઞાન–રવિ ઊગીઓ, જૈન શાસન ખીલ્યું લહલહાવે–૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### દોહરા.

અંબાલામાં જેમણે, પગલાં કર્યાં પવિત્ર;
ઉદ્દઘાટન કૉલેજનું, નિર્મળ આત્મ ચરિત્ર. ૧

વરકાણા ગામે કર્યું, વિદ્યાલય વિખ્યાત;
પાર્શ્વનાથ શુભ નામથી, રમ્ય દિશે રળિઆત. ૨

મુંબઈમાં મ્હોટું કર્યું, મહાવીર વિદ્યાસ્થાન;
ઉમેદપુરમાં સ્થાપીયું, પાર્શ્વ જૈનનું સ્થાન. ૩

એ આદિક અગણિત છે, વિદ્યાતણાં શુભ ધામ;
વિદ્યાનો વિસ્તાર એ, અંતરનો આરામ. ૪

વિદ્યારૂપી વસ્તુને, વિકસાવી બહુ રીત;
જ્ઞાન અને વિદ્યા વિષે, પૂરણ જેને પ્રીત. ૫

વીરક્ષેત્ર પંજાબમાં, અંબાલા વિખ્યાત;
અર્ધ શતાબ્દી ઉજવી, રંગભરી રળિઆત. ૬

કરમી **કસ્તુરભાઇ** છે, લાલભાઈના લાલ;
ઉદ્દઘાટન કૉલેજનું, સ્વહસ્ત કીધું હાલ. ૭

અર્ધ શતાબ્દી ઉજવી, પૂર્ણ ધરી ઉત્સાહ;
**સકરચંદ** પ્રમુખ જ્યાં, પ્રેમતણો જ પ્રવાહ. ૮

વકીલ, માનદ મંત્રીઓ, ધર્મચુસ્ત નરનાર;
શ્રીમદ્ વલ્લભસ્વામીની, સેવા **સજી** અપાર. ૯

**જૈન** ધર્મના સૂર્ય છે, કીધો પરમ પ્રકાશ;
વિદ્યા-સદ્બોધક વડા, શુદ્ધ ધર્યો સંન્યાસ. ૧૦

ભાવનગરમાં ભાવભર, **આત્માનંદ** સભાય;
વલ્લભગુરુના પ્રેમથી, સ્તવન-પ્રાર્થના ગાય. ૧૧

સંતતણા શિરોમણિ, ધર્મધુરંધર ધીર;
જૈન શાસને પ્રગટજ્યો, આવા વલ્લભ વીર. ૧૨

લેખક

**રેવાશંકર વાલજી બધેકા**

નિવૃત્ત એજ્યુ૦ઈન્સ્પે૦-**ભાવનગર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અંબાલા-પંજાબમાં અપૂર્વ મહોત્સવો

## આચાર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરિજી મહારાજનો નગરપ્રવેશ
## શ્રી આત્માનંદ જૈન કૉલેજની ઉદ્ઘાટન ક્રિયા
## શ્રી વલ્લભદીક્ષાર્દ્ધ શતાબ્દિ મહોત્સવ.

**આ** વર્ષે પૂજ્યપાદ આચાર્યમહારાજ શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ આદિ સપરિવાર જૈન ધર્મની ઉન્નતિ માટે એક હજાર નવ માઈલનો લાંબો વિહાર કરી પંજાબ–અંબાલા પધાર્યા.

આચાર્યશ્રીના શુભાગમનના સમાચારથી આખું પંજાબ ઉત્સાહિત બની ગયું. સર્વ બંધુઓ આચાર્યશ્રીનું સ્વાગત કરવા ઉત્કંઠિત બની રહ્યા હતા. આચાર્યશ્રી વિહાર કરતાં કરતાં જેઠ વદ પાંચમ તા. ૧૮–૬–૩૮ના દિવસે અંબાલા બહાર બંગલામાં પધાર્યા હતા. અંબાલાનો સંઘ, આચાર્ય શ્રીવિજયવિદ્યાસૂરિજી આદિ ઠા. ૩. તથા સાધ્વીજી શ્રી દેવશ્રીજી આદિ. ઠા. ૧૧ આચાર્ય મહારાજનું ભાવભીનું સ્વાગત કરવા પધાર્યા હતા. બહારગામથી માણસોનું આગમન શરૂ થઇ ગયું હતું. બે દિવસોમાં હજારો માણસ આવી પહોંચ્યા હતા અને જે આવતું તે પહેલાં બંગલામાં આવી આચાર્યશ્રી આદિ મુનિમંડળના દર્શન કરી પોતાને કૃતકૃત્ય માનતા. કોઈ ભજન ગાઇ, કોઇ ભાષણ આપી, કોઈ જયકારા બોલાવી પોતપોતાની ભાવના બતાવી શ્રીગુરૂદેવની સાચી ભક્તિનો પરિચય આપતા.

### શેઠ કસ્તુરભાઇનું પધારવું.

જેઠ વદિ સાતમ તા. ૨૦–૬–૩૮ બુધવારના મંગલમય પ્રભાતે સૌ કોઇ ઉત્સાહ અને આનંદમાં ગરકાવ થઈ ગયેલ નજરે પડતું. ગુજરાત–મારવાડ–માળવા–કાઠિયાવાડ–પંજાબ આદિ દેશ–દેશાંતરોના હજારો માણસ પંચરંગી પાઘડીઓથી સુશોભિત થયેલા દેખાતા હતા; કેમકે ઘણા વર્ષો બાદ પધારતા શ્રીગુરૂદેવનું સ્વાગત કરવામાં કોને હર્ષ ન હોય? એક તરફ આચાર્ય મહારાજશ્રીના સ્વાગત માટે તૈયારીઓ થઇ રહી હતી; બીજી તરફ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અમદાવાદ, મુંબઈ આદિ સ્થાનોથી પધારનાર ગૃહસ્થોના સ્વાગત માટે તૈયારીયો ચાલતી હતી.

મેઈલ ટ્રેન આવી પહોંચતાં **અમદાવાદથી શેઠ કસ્તુરભાઈ** આદિ, **મુંબઈથી શેઠ કાંતિલાલ ઇશ્વરદાસ, શેઠ રતિલાલ વાડીલાલ, શેઠ સકરચંદ મોતીલાલ** આદિ પધાર્યા હતા. એઓના સ્વાગત માટે હજારો માણસો સ્ટેશન ઉપર ગયા હતા. હારતોરા આદિથી સ્વાગત કરી, ચારે શેઠીયાઓને હાથી ઉપર બેસારી, એક માઈલના લાંબા સરઘસ સાથે શહેરના મુખ્ય મુખ્ય બજારોમાં ફેરવી આચાર્યમહારાજશ્રીના દર્શનાર્થે લઈ જવામાં આવ્યા હતા. અંબાલા શ્રીસંઘે શેઠીઆઓનું ઘણા જ ઉત્સાહથી અને ઠાઠમાઠથી સ્વાગત કર્યું હતું. ઉપરોક્ત શેઠીયાઓ સિવાય શ્રીયુત ગુલાબચંદજી ઢઢ્ઢા, શેઠ શકરાભાઈ લલ્લુભાઈ, કાંતિલાલ મગનલાલ, મોહનલાલ મગનલાલ, વકીલ મોહનલાલ મૂળચંદ, પુંજાભાઈ ભોળાભાઈ, ડૉકટર ચીમનલાલભાઈ, અમૃતલાલભાઈ આદિ તથા શેઠ એવંતીલાલ હીરાલાલ બકોરદાસ, ફુલચંદ શામજી, વડોદરાથી આવેલ ભાઈચંદભાઈ, લાલભાઈ મોતીલાલ, મિસ્ત્રી હરજી-વનદાસ, માંડળથી પધારેલ હીરાચંદ શેઠ, ધ્રાંગધ્રાના ભાઈઓ વિગેરે પધાર્યા હતા. પંજાબના હજારો નરનારીયો પધારી ગુરૂભક્તિનો પરિચય આપતા હતા.

આચાર્યશ્રીજી મહામુનિમંડલનું સ્વાગત પંજાબ શ્રીસંઘે ઘણા જ ઉત્સાહથી કર્યું. એક માઈલથી પણ લાંબું સરઘસ કાઢી આચાર્યશ્રીજીનો નગરપ્રવેશ કરાવ્યો. શહેરને શણગારવામાં આવ્યું હતું. હાથી ઉપર શ્રી આત્મારામજી મહારાજના ફોટાને બિરાજમાન કર્યો હતો. વરઘોડામાં ગુજરાંવાળાની ભજન મંડલી, હુશીયારપુરની ભજન મંડળી, નારોવાળની ભજન મંડલી, શ્રી આત્માનંદ જૈન ગુરૂકુળની ભજન મંડળી માલેરકોટલાની ભજન મંડલી, લુધીઆનાની ભજન મંડલી આદિ બજારોમાં ગુરૂસ્તુતિ લલકારતી ચાલતી હતી. આ ઉપરાંત, પંચકુળા સ્થાનકવાસી જૈન ગુરૂકુલના વિદ્યાર્થીઓ, આત્માનંદ જૈન ગુરૂકુળના વિદ્યાર્થીઓ, હાઈસ્કુલના વિદ્યાર્થીઓ આદિએ વરઘોડાની શોભા વધારી હતી. હિન્દુ અને મુસલમાનોના બેન્ડોએ આખા શહેરને ગજાવી મૂકયું હતું. હજારો માણસો અટારીઓમાં, ઝાડો પર, દુકાનો ઉપર આચાર્ય મહારાજના દર્શનાર્થે પહેલેથી આવી બેસી ગયેલાં નજરે પડતાં હતાં. મુખ્ય મુખ્ય લતાઓમાં ફરી ભાવડા (ઓસવાલ) બજારમાં આચાર્યશ્રીજી પધાર્યા તે વખતે ઉમંગમાં આવી જઈ હજારો નરનારિયોએ રૂપિયા આદિની છૂટથી વર્ષા કરી હતી. દહેરાસરમાં સુપાર્શ્વનાથ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભુના દર્શન કરી, શ્રી આત્માનંદ જૈન કોલેજના ખુલ્લા મેદાનમાં, જ્યાં મંડપ બાંધવામાં આવેલ ત્યાં, પધાર્યા અને સ્વાગતનો વરઘોડો પૂરો થયો.

મંડપમાં આચાર્યમહારાજ તથા મુનિમંડળ, સાધ્વીગણ અને બહારથી પધારેલા ગૃહસ્થો તેમ જ પંજાબથી પધારેલા લાલાઓ–સૌ કોઇ પોતપોતાના સ્થાને બિરાજી ગયા પછી—

અંબાલાના વિદ્યાર્થીઓએ "મેરી ભાવના"નું ભજન ગાયું હતું. શ્રીયુત મહાવીરપ્રસાદજીએ આજના પ્રસંગ પર ભાષણ આપી કોલેજથી થતા ફાયદાઓ બતાવ્યા હતા અને પ્રમુખ માટે દરખાસ્ત મૂકી હતી. પંડિત તુલસીદાસજીએ પ્રાર્થના કરી ટેકો આપ્યો હતો. લાલા મંગતરામજીએ વિવેચન કરી કોલેજની આવશ્યકતા બતાવી હતી અને વધુ ટેકો આપ્યો હતો.



દાનવીર, વિદ્યાપ્રેમી
શેઠ શ્રી કસ્તુરભાઇ લાલભાઇ

ગુજરાંવાલાની ભજન મંડલીએ 'વહાલા વલ્લભ ગુરૂ ઉપકારી' આદિ ભજન ગાઇને સભાને રંજિત કરી હતી.

**પછી શેઠ કસ્તુરભાઇએ** પ્રમુખસ્થાન સ્વીકાર્યું હતું.

બાદ લાલા મંગતરામજીએ **દાનવીર શેઠ કસ્તુરભાઈ લાલભાઇને** આપવાનું **માનપત્ર** વાંચી સંભળાવ્યું અને ચાંદીના ફ્રેમકેટમાં મૂકી શેઠશ્રીને સમર્પણ કર્યું હતું.

શેઠ ફુલચંદ શામજીએ ઊભા થઇ દેશાવરોથી આવેલા અભિનંદનના તારો અને પત્રો વાંચી સંભળાવ્યા હતા.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**શ્રી વિજયાનંદસૂરીશ્વરજી ( આત્મારામજી ) મહારાજ**



આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના ઉપદેશ અને શુભ પ્રયત્નથી સ્થાપન થયેલ.




**શ્રી આત્માનંદ જૈન કૉલેજ-અંબાલા.**

અમદાવાદનિવાસી શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઇના શુભ હસ્તે જેનું ઉદ્‌ઘાટન થયું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી વલ્લભ દીક્ષાર્દ્ધ શતાબ્દિ મહોત્સવ પ્રસંગના મેળાવડાનું દ્રષ્ય.



અંબાલા.



વલ્લભ વાટિકા-અંબાલા.

શ્રીમતી શકુંતલા બ્હેનના મુબારક હસ્તે જેનું ઉદ્દઘાટન થયું છે.

આનંદ પ્રેસ-ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાદ શ્રીયુત સેક્રેટરી નેમચંદજીએ આમંત્રણ પત્રિકા અને કાર્યક્રમ વાંચી સંભળાવી સૌને શાંતિથી સાંભળવા વિનંતિ કરી હતી.

કૉલેજના વિદ્યાર્થીઓએ "આજ કા દિન હમારે લિયે મુબારક હૈ"–એ સ્વાગત ગીત ગાયું હતું. ત્યારબાદ ૧૧ અને ૪૫ મિનિટે શેઠ કસ્તુરભાઈ લાલભાઇએ શ્રી ગુરૂદેવનો આશીર્વાદ લઈ ઘણા જ ઉત્સાહથી હજારોની મેદની સમક્ષ શ્રી આત્માનંદ જૈન કૉલેજની ઉદ્ઘાટન ક્રિયા કરી હતી.

કૉલેજના વિદ્યાર્થીઓ "આતમ ગુરૂ પ્યારા" એ ભજન ગાઇને સ્વસ્થાને વિરાજી ગયા હતા.

**આચાર્ય મહારાજે** બુલંદ અવાજથી બોલતાં જણાવ્યું કે આપણે સ્વતંત્ર કૉલેજ સ્થાપન કરવાની શી જરૂર છે? એમાં શી શી વિશેષતાઓ હોવી જોઇયે? આદિ વિવેચન કરી જણાવ્યું કે તમોએ આ હાથી બાંધ્યો છે. હાથીને તો ઊંચો જ ખોરાક જોઇએ. તમારી પાસે જે ફંડ છે તે પૂરતું નથી માટે મારી સલાહ છે કે આના માટે રૂા. પચાસ હજાર અંબાલા શ્રીસંઘ કરી આપે, અને પચાસ હજાર પંજાબ શ્રીસંઘ ભેગા કરે; બાકીના પચાસ હજાર મુંબઈના શેઠીયાઓએ ભેગા કરી કુલ દોઢ લાખની રકમ ભેગી થઇ જાય તો પછી તમારે કોઈની પાસે માંગવાનું રહેશે નહીં. ઇત્યાદિ. આ અવસરે રકમો લખાઈ હતી.

## સાંજના થયેલ કાર્ય (તા. ૨૦–૬–૩૮)

પાંચ વાગ્યે કાર્યની શરૂઆત થયેલ.

પ્રમુખ દાનવીર શેઠ કસ્તુરભાઈ લાલભાઈ.

પ્રારંભમાં હુશીયારપુરની ભજનમંડલીયે ગુરૂસ્તુતિનું ગીત ગાયું.

પ્રોફેસર શ્રીયુત વિમલદાસજીએ મંગલાચરણ કરી જણાવ્યું કે આપણે ઇષ્ટકાર્યની સિદ્ધિ માટે પ્રથમ મંગલાચરણ કરીએ છીએ ઇત્યાદિ વિવેચન કર્યું.

બાદ શ્રીયુત ઠઠ્ઠાજી સાહેબે દેશાવરોથી આવેલ સંદેશાઓ વાંચી સંભળાવ્યા હતા.

શ્રી આત્માનંદ જૈન સ્કુલના લુધીયાનાના મુસલમાન વિદ્યાર્થીએ છટાદાર ભાષણ આપતાં જણાવ્યું કે–હું જૈન સ્કુલનો વિદ્યાર્થી છું. મારા ઉપર જૈન ધર્મની સારામાં સારી છાપ પડી છે. "અહિંસા પરમો ધર્મ" સૌ કોઇને મંજૂર હોવું જ જોઇએ. જૈનધર્મ વિશ્વધર્મ છે. માંસભક્ષણ કરવું એ કોઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ શાસ્ત્રનું ફરમાન નથી. તેમણે કુરાનશરીફ આદિના ઘણા દાખલાઓ આપી માંસભક્ષણનો નિષેધ કર્યો હતો. મેં પોતે માંસ ભક્ષણનો ત્યાગ કરેલ છે. મારા લીધે મારા માતાપિતા આદિએ પણ માંસ ખાવાનું બંધ કર્યું છે. ઈત્યાદિ. બાદ લાલા ટેકચંદજીએ ભાષણ આપતાં જણાવ્યું હતું કે આપણા પ્રબળ પુણ્યોદયથી આપણી સમાજમાં આવા બાલબ્રહ્મચારી ત્યાગી વૈરાગી મહાશક્તિશાળી મહાત્માઓ બિરાજમાન છે. આજે કાંઈ આપણે આનંદ અનુભવી રહ્યા છીએ તે આ મહાત્માને જ આભારી છે. પછી અંબાલાનિવાસી વકીલ રીખબદાસજીએ કૉલેજનો રિપોર્ટ વાંચી સંભળાવ્યો હતો.

શ્રીયુત ઢઠ્ઠાસાહેબે બોલતાં જણાવ્યું કે સ્વર્ગવાસી ગુરૂદેવના અધૂરાં રહેલાં કાર્યો પૂરા કરવા માટે હમારા વલ્લભ-વલ્લભ-કાયમ રહે. ગુરૂનો વલ્લભ તે અમારો વલ્લભ છે. પ્રમુખ સાહેબ કસ્તુરભાઇએ કસ્તુરીની સુગંધ ખૂબ ફેલાવી દીધી છે ઈત્યાદિ વિવેચન કરતાં જણાવ્યું કે આચાર્યમહારાજશ્રીએ પંજાબ સંઘને જે ફરમાવ્યું છે તે કાર્ય જલ્દી કરી આપી દેવું જોઇએ. બાઇયો પણ યથાશક્તિ દાન આપી પોતાના પુત્રોનું પોષણ કરશે. મને ઘણો જ હર્ષ થાય છે કે પંજાબના હજારો ભાઈબહેનો આવી શ્રી ગુરૂદેવનું સ્વાગત કરી રહ્યા છે.

વકીલ રીખબદાસે પ્રમુખ સાહેબને વિદ્યાર્થીઓને ઈનામ આપવાની દરખાસ્ત મૂકી. પ્રમુખસાહેબ કસ્તુરભાઇએ પોતાના શુભ હસ્તે ઇનામ આપ્યું હતું. પછી પોતાનું ભાષણ આપી કૉલેજ માટે રૂા. ૧૦૦૦) આપવા જાહેર કર્યું હતું.

**બીજા દિવસની કાર્યવાહી** (તા. ૨૧-૬-૩૮ ગુરૂવાર)

કાર્યની શરૂઆત થઇ

પંડિત મહાવીરપ્રસાદે મંગલાચરણ કર્યું.

ભક્ત લાલા ચાંદનમલજીએ પ્રભુસ્તુતિ કરી.

જીરાનિવાસી વકીલ બાબુરામજીએ દાનવીર શેઠ કાંતિલાલ ઈશ્વરદાસની ઓળખાણ આપી પ્રમુખસ્થાન માટે દરખાસ્ત મૂકી. ટેકો લાલા સુંદરદાસજી લાહોરવાલાએ આપ્યો.

લાલા મંગતરામજીએ અનુમોદન આપતાં શેઠશ્રીની ઉદારતાના વખાણ કર્યા હતા. શેઠશ્રી કાંતિલાલભાઇએ પ્રમુખસ્થાનનો સ્વીકાર કરતા કાર્યની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શરૂઆત થઇ. અભિનંદન પત્ર લાલા નેમચંદ બી. એ. એ વાંચી સંભળાવ્યું હતું અને ચાંદીના બ્રેસ્કેટમાં મૂકી સમર્પણ કર્યું હતું. લુધીઆના સ્કુલના વિદ્યાર્થીઓએ ભજન બોલી કસરતના પ્રયોગો કરી બતાવ્યા હતા. કુલચંદભાઇએ દેશાવરોથી આવેલા સંદેશા વાંચી સંભળાવ્યા હતા. માલેરકોટલાની ભજન મંડળીએ ભજન ગાયું.

પંડિત વિમલદાસજી ન્યાયતીર્થે તથા શ્રીમતી લેખવતીએ જ્ઞાનની પુષ્ટિ ઉપર તેમજ લાયબ્રેરીની ખાસ જરૂરીઆત ઉપર ભાર મૂકી બ્હેનોને સંબોધી જણાવ્યું કે ચમકદમક વસ્ત્રો પહેરવાથી કે અલંકારોથી શરીરને શોભાવવામાં તમારી શોભા નથી. તમારી શોભા છે જ્ઞાનપ્રાપ્તિમાં. તમારે પણ આવા કાર્યોમાં ફાળો આપવો જોઇએ. ઇત્યાદિ. પછી પૃથ્વીરાજ જૈન બી.એ જણાવ્યું કે વિદ્યા વિના મનુષ્ય પશુ સમાન છે વિ૦ વિવેચન કરી પુસ્તકાલયો સ્થાપન કરવા માટે ભાર મૂકયો હતો.

પંચકુલા સ્થાનકવાસી જૈનેંદ્ર ગુરૂકુલના વિદ્યાર્થીઓએ ભજનો ગાયા હતા, તેની છાપ સારી પડી હતી.

પછી **શેઠ કાંતિલાલ ઇશ્વરદાસે કૉલેજ લાઈબ્રેરીની ઉદ્ઘાટન** ક્રિયા કરી હતી.



**સખાવતી નરરત્ન**
**શેઠ શ્રી કાંતિલાલ ઇશ્વરદાસ**

શેઠ એવંતીલાલ હીરાલાલ બકોરદાસે પૂજ્યપાદ આત્મારામજી મહારાજની છબીની અને લાલા નંદરામ તીર્થરામે આચાર્યમહારાજશ્રીની છબીની ઉદ્ઘાટન ક્રિયા કરી હતી.

પ્રમુખસ્થાનેથી શેઠ કાંતિલાલ ઇશ્વરદાસે ગુજરાતી ભાષામાં જણાવ્યું હતું કે–હું મારી માતૃભાષામાં બોલું છું તો માફ કરશો. હું પંજાબ સુધી દૂર દેશમાં આપશ્રી સંઘના દર્શન કરવા ભાગ્યશાળી થયો તે આપ સૌની કૃપાને આભારી છે.

કોલેજના વિદ્યાર્થીઓને મારી વિનંતિ છે કે તમો ભણીગણીને ચારિત્રવાન બનજો. ડીગ્રી ઓછી મળે તેની ચિંતા ન કરશો પણ સદાચારી ને નિર્ભય બનજો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાયબ્રેરીમાં ધાર્મિક પુસ્તકો વધારજો અને એમનું વાંચન રાખજો. શ્રીમહાવીરના ઝંડા નીચે સૌ હળીમળી ચાલજો ઇત્યાદિ. શ્રીયુત ઢઢ્ઢાસાહેબે હિન્દીમાં અનુવાદ કરી સંભળાવ્યો હતો.

આચાર્ય મહારાજશ્રીએ બુલંદ અવાજે ભાષણ આપતાં ( આ વખતે સૌ નીચે બિરાજી ગયા હતા. ) જણાવ્યું કે મારો હક્ક નથી છતાં શેઠ કાંતિલાલ શેઠે જે ઉદારતા બતાવી છે તે મારા દ્વારા જણાવવા માગે છે. આ પંડાલમાં જે જે ગ્રેજ્યુએટો હોય, વકીલો હોય તે સર્વેએ ઊભા થઈ જવું. ( સૌ સાથે ઊભા થયા ) પંજાબનું વાતાવરણ કેવું છે. આ સૌના હૃદયમાં દેવ-ગુરૂ-ધર્મ વસેલાં છે, એની નજીક આવતા જાય છે. એમના હૃદયમાં આત્મારામજી વસેલા છે. આત્મારામજીનો ઉપકાર છે. જ્યાં સુધી આ સર્વે એક ગુરૂના છે ત્યાંસુધી એમને સુખ શાંતિ છે. ૧૨ાા વાગ્યા છે. પેટમાં આપ સૌને ભૂખ લાગી હશે, પરંતુ મહોત્સવોના કાર્યોમાં એમ જ બને છે. તમો શ્રદ્ધાને લઈને જે શાંતિ રાખી રહ્યા છે એની સાથે ક્રિયા પણ હોવી જોઈએ. ક્રિયા વિનાકા જ્ઞાન નહીં દિપતા. હું સારી પેઠે જોઇ રહ્યો છું કે પહેલાં જ્ઞાન થવું જોઇએ. જ્યાંસુધી ભાવાર્થ ન સમજાય ત્યાંસુધી ક્રિયા કરવી નકામી છે. બોલનારાઓને હજુ સુધી એમને જ્ઞાન નથી થયું અને ક્રિયામાં રસ નથી લાગ્યો તે ખેદની વાત છે. ઇત્યાદિ બહુ જ અસરકારક ભાષણ આપી શ્રોતાઓ ઉપર સારો પ્રભાવ પાડ્યો હતો.

આગળ ચાલતાં જણાવ્યું કે આત્મારામજી મહારાજે રાધનપુર પધારી વૈશાખ સુદ ૧૩ના દિવસે મને દીક્ષા આપીને ચોમાસું રાધનપુર કર્યું. દીક્ષાનો વરઘોડો શેઠ કાંતિલાલના કુટુંબીઓએ ચઢાવ્યો હતો. શેઠ મોતીલાલ અને હું બન્ને ગુરૂભાઈઓ થઇએ. પૂજ્ય હર્ષવિજયજીનો હું શિષ્ય અને એમની પાસે ભણતો. શેઠ મોતીલાલ પણ એમની પાસે બેસીને ભણતા. અમો બન્ને સાથે બેસીને અભ્યાસ કરતા હતા-એ હિસાબે અમે ગુરૂભાઇઓ થઇએ. એ સંબંધ હજુસુધી ચાલ્યો આવે છે. એમની ઉદારતા પ્રશંસનીય છે. આજે જેની ઉદ્દઘાટન ક્રિયા કરી છે તેનું નામ લાયબ્રેરી છે. એ શબ્દ અંગ્રેજીનો છે. આપણે અહીંયા તો જ્ઞાનમંદિર, જ્ઞાનભંડાર, પુસ્તકાલય આદિ નામ છે. શ્રીમતી લેખવતી બેને અને પંડિતજીએ કહ્યું કે સરસ્વતી મંદિર ખુલ્લી ગયું છે-તે અમારી બેનનું નામ છે. તમારે દેવીઓને જે કામ કરવાનું છે તે લેખવતી બેન જે શબ્દો ઉચ્ચારી ગયા તે તમો સાંભળ્યા નહીં હોય. શેઠ કાંતિલાલના શબ્દો ઉપર પૂરું ધ્યાન આપવું તે તમારૂં કામ છે. "એ લાયબ્રેરી મારી ધર્મપત્નીના હાથે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખુલ્લી મૂકાઈ હોત તો વધારે સારૂં થાત પણ તમારે શરમાવું પડત કે અમારો હક્ક છીનવી લીધો. ગૃહસ્થનું ઘર પુરૂષ અને સ્ત્રીથી ચાલે છે. જેવી રીતે બે પૈડાથી ગાડી. સ્ત્રી પતિને દેવસમાન ન સમજે તો તે સ્ત્રી નથી, એવી જ રીતે પુરૂષે સ્ત્રીને દેવી સમાન સમજવી.

પંચ સમક્ષ લગની લગાવીને હાથ પકડ્યો છે તો તે બરોબર નિભાવવો જોઈયે. લાયબ્રેરીની ઉદ્ઘાટનની ક્રિયા થઈ તો ફૂલ નહી ફૂલની પાંખડી પણ આપવી જોઈયે તે હું મારા ધર્મપત્નીના નામથી આપવા ઈચ્છા રાખું છું. એ લાયબ્રેરીમાં બેનો તમારો પણ હક્ક છે."

એક વાત પંજાબના સંઘ સમક્ષ મૂકું છું તે મંજૂર હોય તો હા પાડશો.

લાયબ્રેરી માટે જોઈયે તેવું મકાન નથી. તેની જરૂરીયાત છે તે માટે શેઠ કાંતિલાલ ૫૦૦૦) પાંચ હજાર રૂપીયા આ શરતે આપવા તૈયાર છે કે લાયબ્રેરી સાથે **શકુન્તલા કાંતિલાલ જૈન લાયબ્રેરી** આ શબ્દો વધારવા. સૌએ એક અવાજે–શ્રી સંઘે આ વાતને વધાવી લીધી. આ અવસરે શકુન્તલા તથા હીરાકોર બેને બેનોને અપીલ કરી જેના જવાબમાં બેનોએ સારી રકમ આપી.

ગુજરાંવાલા ભજનમંડળીએ ભજન ગાયું. પછી માલેરકોટલાના પહેલાંના મુસલમાન ને હાલમાં હિન્દુ જ્ઞાનચંદે મધુર સ્વરે કવિતા ગાઈ સભાને મુગ્ધ કરી હતી. આથી શેઠ સકરાભાઈએ ખુશ થઈ ૧૦ રૂપિયા ઈનામના આપ્યા અને બીજા ભાઈઓએ ૧૦ એમ ૨૦) રૂપિયા ઇનામમાં મલ્યા તે એમણે કૉલેજ ફંડમાં આપી દીધા અને એમના પિતા કરીમબક્ષે પણ કવિતા ગાઈ એમને પણ ૨૦) ભેટ આપ્યા એ પણ કૉલેજ ફંડમાં આપી દીધા. એથી સભાએ તેમને ધન્યવાદ આપ્યો.

પંડિત તુલસીરામજીના ભાષણ પછી સભા વિસર્જન થઇ હતી.

## તા. ૨૧–૬–૩૮ બપોર.

નારોવાલની ભજન મંડલીએ આકર્ષક ભજન ગાયું.

પંડિત હંસરાજજીએ મંગલાચરણ કર્યું અને એનો હેતુ સમજાવી, વિદ્યાલય આદિ સ્વતંત્ર સ્થાપન કરવાનું કારણ સમજાવ્યું હતું.

બીનોલીનિવાસી બાબુ કીર્તિપ્રસાદજી વકીલે પ્રમુખની દરખાસ્ત મૂકતાં શેઠ રતિલાલ વાડીલાલ પુનમચંદની ઓળખાણ કરાવી હતી. સનખતરનિવાસી લાલા ભોળાનાથે ટેકો આપ્યો હતો. લાલા મંગતરામજીએ અનુમોદન આપતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રમુખ સાહેબની વિશેષ ઓળખાણ તેમજ પોતાનો અનુભવ કહ્યો હતો.



વિદ્યાવ્યાસંગી, વ્યાયામપ્રેમી
શેઠ શ્રી રતિલાલ વાડીલાલ પુનમચંદ

શેઠ રતિલાલ વાડીલાલ પુનમચંદે આજનું પ્રમુખપણું સ્વીકારતાં કાર્યની શરૂઆત થઈ.

અંબાલાનિવાસી રીષભદાસજી વકીલે અભિનંદન પત્ર વાંચી સંભળાવ્યું હતું અને ચાંદીના કાસકેટમાં મૂકી સમર્પણ કર્યું હતું.

શ્રી આત્માનંદ જૈન કોલેજના પ્રીન્સીપાલે અંગ્રેજીમાં સુંદર ભાષણ આપ્યું અને તેનો અનુવાદ શ્રીયુત મહાવીરપ્રસાદજીએ કર્યો હતો. પ્રોફેસર શ્રીયુત ચંદ્રગુપ્તાએ પોતાના ભાષણમાં કૉલેજની આવશ્યકતા ને ઓરડીઓની જરૂરત જણાવી હતી.

શ્રીયુત ઢઢ્ઢા સાહેબે હોસ્ટેલની પોતાના શુભ હસ્તે ઉદ્‌ઘાટન ક્રિયા કરી અને ભાષણ આપતાં જણાવ્યું કે શેઠ સાહેબ માણેકલાલ ચુનીલાલની તબીયત ઠીક નહીં હોવાથી આ કાર્ય મને સોંપવામાં આવ્યું અને મારા દ્વારા એ કાર્ય કરાવ્યું એની ખુશીમાં બે શબ્દો હું બોલીશ. મંડપ આદિને વાંસની જરૂર છે, મકાન માટે થાંભલાની જરૂર છે આદિ વિવેચન કરતાં જણાવ્યું કે એવી જ રીતે કૉલેજ માટે હોસ્ટેલની જરૂર છે.

બોર્ડીંગ–છાત્રાલય આદિની પણ જરૂરત છે. આપણી જૈન સમાજમાં આ પ્રથમ જ કૉલેજ છે. આનું માન પૂજ્યપાદ આચાર્યમહારાજજી સાહેબને અને અંબાલા શ્રી સંઘને ઘટે છે. કોલેજની શિક્ષામાં માસ્તરોનો કાબૂ હોવો જોઈએ. સુપ્રીન્ટેન્ડન્ટ, પ્રોફેસર આદિ એવા હોવા જોઇએ કે જેમની છાપ વિદ્યાર્થીઓ ઉપર પડે અને તેઓ સેવાભાવી હોવા જોઇએ. આપણા સ્વર્ગવાસી શ્રી ગુરૂદેવની આજ્ઞાનું પાલન આપણે કર્યું છે. આ કૉલેજ દ્વારા સંસારમાં જૈન ધર્મનો વાવટો ફરકશે.

શેઠ એવંતીલાલ હીરાલાલ બકોરદાસે પોતાના હાથે શ્રી આત્મારામજી મહારાજજી સાહેબનો ફોટો ખુલ્લો મૂકાવ્યો એ બદલ ઉપકાર માન્યો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રમુખસ્થાનેથી શેઠ રતિલાલ વાડીલાલે જણાવ્યું હતું કે આ મેળાવડાનું પ્રમુખસ્થાન મને આપવામાં આવ્યું છે તેથી હું આપનો આભારી છું. કૉલેજ–વિદ્યાલય–આશ્રમ–બોર્ડીંગ–હોસ્ટલ–વ્યાયામશાળા આદિની જરૂરીયાતો છે. વરકાણા વિદ્યાલય, મહાવીર વિદ્યાલય આદિ સ્થાપન કરીને જરૂરીયાત કેટલે અંશે આપણે પૂરી કરી છે. મારા વિચાર પ્રમાણે સૌથી વધારે વ્યાયામશાળાની જરૂરત છે. એમાં જેટલાં સાધનો જોઈએ તે પૂરા પાડવા જોઈએ. પંજાબ દેશના જૈન બંધુઓને ધન્યવાદ છે કે એમણે કૉલેજની સ્થાપના કરી, પૂજ્યપાદ આચાર્યમહારાજના પ્રયત્નને સફળ બનાવ્યો છે. ઉપસંહાર કરતાં તેમણે રૂા. એક હજાર ઓરડાઓ સારૂ આપવા જાહેર કર્યા હતા.

સભા બરખાસ્ત થયા પછી રથયાત્રાનો વરઘોડો ચઢાવવામાં આવ્યો હતો. બેન્ડ–વાજા આદિ ઘણી સામગ્રી હતી. ભજન મંડલીયો સુંદર સુંદર ભજનો ગાતી હતી.

## ત્રીજા દિવસની કાર્યવાહી (તા. ૨૨–૬–૩૮)

## વલ્લભ દીક્ષાર્દ્ધ શતાબ્દિ મહોત્સવ.

આજે આચાર્ય મહારાજ શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજને દીક્ષા લીધાને પચાસ પૂરા થઈ ગયેલા હોવાથી શ્રી વલ્લભ દીક્ષાર્ધ શતાબ્દિ મહોત્સવ ઉજવવાનો પવિત્ર દિવસ હોવાથી આજનો દિવસ પંજાબમાં તહેવાર તરિકે ઉજવાયો હતો. અંબાલમાં પધારેલા હજારો નરનારિયો તેમજ સ્થાનિક જૈન જૈનેતર બંધુઓ ઘણા જ ઉત્સાહ અને ઉમંગથી વલ્લભ દીક્ષાર્ધ શતાબ્દિ ઉજવવા માટે મંડપ ભણી પધારી રહ્યા હતા. ટાઈમ થતાં મંડપ માનવસાગરથી ઉભરાઈ જતો હતો. ભજનમંડલીવાળાઓ પોતપોતાના સ્થાને ગોઠવાઈ ગયા હતા.

ઠીક સમયસર આચાર્ય મહારાજશ્રી સપરિવાર મંડપમાં પધાર્યા. બેન્ડ–વાજાવાળાઓએ બેન્ડ વગાડી સ્વાગત કર્યું. પ્રથમ ગુજરાંવાળાની ભજનમંડલીએ સ્વાગત ગીત ગાયું.

નારોવાલની અને લુધીયાના આદિની ભજનમંડલીએ ગુરૂસ્તુતિના ભજનો ગાયા.


પંડિત ભાગમલજીએ મંગલાચરણ કર્યું અને શતાબ્દિ અંગે વિવેચન કર્યું.

વકીલ બાબુરામજીએ શેઠ સકરચંદ મોતીલાલ મૂળજીની ઓળખાણ કરાવી પ્રમુખ માટે દરખાસ્ત મૂકી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir





અજ્ઞાનતિમિરતરણી

આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટેકો પંડિત સુંદરલાલજીએ આપ્યો. અનુમોદન લાલા મંગતરામજીએ આપ્યા બાદ શેઠ સકરચંદભાઇએ પ્રમુખસ્થાન સ્વીકાર્યું હતું.

શ્રીયુત નેમદાસજી બી. એ. એ અભિનંદન પત્ર સભાને વાંચી સંભળાવ્યું હતું અને ચાંદીના કાસ્કેટમાં મૂકી સમર્પણ કર્યું. અંબાલાની ભજન મંડલીએ મધુર ધ્વનિથી ભજન ગાયું.

બાદમાં દેશભરમાંથી આચાર્યમહારાજશ્રીની દીર્ઘાયુ ઇચ્છતા, અભિનંદન આપતા સંખ્યાબંધ તારો અને પત્રો આવેલા તે વાંચી સંભળાવ્યા હતા.

પંજાબી પંડિત શ્રીયુત હંસરાજજી શાસ્ત્રીએ જણાવ્યું કે ગુરૂમહારાજની ફૂલવાડીમાંનાં ફૂલમાંથી હું પણ એક ફૂલ છું.

ઉક્ત પંડિતજીના આઠ વર્ષીય બાલકે સંગીત સાથે ગુરૂસ્તુતિ ગાઈ સભાને ચકિત કરી મૂકી હતી. પ્રમુખ સાહેબે ખુશી થઈ એ બાળકને રૂા. ૫૧) ઈનામ આપ્યા હતા.

## લાલા દુનીચંદજીનું ભાષણ.

જુદા જુદા વક્તાઓએ કરેલા ભાષણોમાંથી કોંગ્રેસના અગ્રેસર લાલા દુનીચંદનું ભાષણ ખાસ મહત્ત્વનું હતું. તેમણે જણાવ્યું કે-હું આચાર્યશ્રીજીના ચરણોમાં મારી ભક્તિ અને શ્રદ્ધા જાહેર કરૂં છું-રાખું છું. તમો ભાઈઓનું આ કાર્ય ઘણું જ ઉત્તમ છે. તેમાં કોમીય ભેદ નથી તે સંતોષની વાત છે. હું આશા રાખું છું કે કૉલેજમાં આર્ટ સાથે સાયન્સનો વિષય પણ દાખલ કરી કૉલેજ પંજાબભરમાં પહેલે દરજ્જે આવશે. વળી કૉલેજ જૈન કોમની ઉન્નતિનું કામ કરતાં કરતાં દેશની આઝાદીનું કામ પણ કરશે એવી મને ખાત્રી છે.

જેમણે સમાજ અને દેશને જીવન સમર્પણ કર્યું હોય એવી મહારાજ જેવી મહાન વ્યક્તિઓ બહુ જ ઓછી હોય છે. જૈન કોમમાં એમના જેવા ત્યાગીઓ સાથે શ્રીમંતો પણ પુષ્કળ છે. હું ઇચ્છું છું કે એમના ધનનો સારી રીતે ઉપયોગ થાય.

## ભાગમલજીનું ભાષણ.

બાદ પંડિત ભાગમલજીએ પંડિતવર્ય વૈજનાથજીની ઓળખાણ કરાવતા કહ્યું કે આ વિદ્વદ્વર્યે, એક સંન્યાસી મહાશયે પૂજ્ય આત્મારામજી મહારાજની સ્તુતિનો માળાબંધ શ્લોક લખી મોકલ્યો હતો. તેમના જણાવ્યા પ્રમાણે એ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્લોકના ૫૧ અર્થ થતા પણ આપણા પંડિત મહાશયે ૫૧ના બદલે ૭૧ અર્થ કરી બતાવ્યા છે અને સાથે સાથે આચાર્યમહારાજ શ્રી વિજયવલ્લભ સૂરીશ્વરજી સાહેબની સ્તુતિના ચાર શ્લોક માળાબંધ નવીન રચ્યા છે. એઓને ૨૫૧) રૂપિયા ભેટ આપવામાં આવે છે.

## ચાર શ્લોક સમર્પણ.

પછી વિદ્વદ્વર્ય શિરોરત્ન પંડિત વૈજનાથજી પ્લેટફોર્મ ઉપર આવી પોતાનું વક્તવ્ય આપી, આચાર્યશ્રીની તસ્વીર ઉપર પોતાના બનાવેલા ચાર શ્લોક લખેલા હતા તે વાંચી સભાને મુગ્ધ કરી હતી અને પ્રતિકૃતિ આચાર્યશ્રીના કરકમલોમાં સમર્પણ કરી હતી.

## શેઠ રતિલાલભાઇનું ભાષણ.

મુંબઇના જાણીતા શેરદલાલ શેઠ રતિલાલ વાડીલાલે વિવેચન કરતાં જણાવ્યું કે આજનો દિવસ સુવર્ણાક્ષરે લખાશે. આજનો દિવસ એ છે કે જે દિવસે આપણી ઉન્નતિ માટે સતત પ્રયાસ કરનાર ગુરૂદેવની આપણે દીક્ષાર્દ્ધ શતાબ્દિ ઉજવીએ છીએ.

આપણે સર્વ મહાવીરના સંતાનો છીએ. શ્રી ગુરૂદેવે મહાવીરનો સંદેશો આપણને સંભળાવવા માટે પોતાનું જીવન અર્પણ કર્યું છે. મહાવીર ભગવાનનો સંદેશો એ સાચું જ્ઞાન છે, એ જ્ઞાનદ્વારા આપણને સાચો રાહ બતાવવા માટે આપણે સર્વે જૈનો તેમના જન્મોજન્મ ઋણી છીએ.

અંબાલા જૈન કૉલેજ તથા બીજી સંસ્થાઓ જે ગુરૂદેવના પ્રતાપે હસ્તિમાં આવી છે એ જૈનો માટે ગૌરવનો વિષય છે. આપણે સૌ સાથે મળી શાસનદેવ પ્રત્યે પ્રાર્થના કરીશું કે ગુરૂદેવને સમાજ અને ધર્મની રક્ષા માટે દીર્ઘાયુષી કરે.

## લાલા ચાંદનમલજી ભક્તે વાંચેલું માનપત્ર.

પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રીને આત્માનંદ જૈન મહાસભા (પંજાબ) તરફથી સમર્પણ કરવામાં આવનાર માનપત્ર લાલા ચાંદનમલજી ભક્તે વાંચી સંભળાવ્યું હતું, અને મહાસભાના પ્રમુખ સાહેબ લાલા સંતરામજીએ આચાર્યશ્રીજીના કરકમલોમાં સાદર સમર્પણ કર્યું હતું. આ વખતે સભા હર્ષનાદથી ગાજી ઊઠી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પ્રમુખસાહેબનું ભાષણ.



સરલ સ્વભાવી, ગુરુભક્ત
શેઠ શ્રી સકરચંદ મોતીલાલ મૂળજી

પ્રમુખસ્થાનેથી શેઠ સકરચંદ મોતીલાલ મૂળજીએ પોતાનું ભાષણ કરતાં જણાવ્યું કે આચાર્યમહારાજે દીક્ષા લીધાને પચાસ વર્ષ પૂર્ણ થયા છે. એમનું જીવન આખું અણીશુદ્ધ છે. એટલું જ નહીં પણ સંયમ ઘણું જ આકરૂં પાળી રહ્યા છે. ક્રિયાકાંડ પણ એમના ઘણા જ આકરા છે. અનેક પ્રકારના પરિશ્રમો વેઠી ગુરૂદેવ શ્રી આત્મારામજી મહારાજના અધૂરા કાર્યને સંપૂર્ણ કરવામાં સંગીન ફાળો આપ્યો છે. સ્થળે સ્થળે જ્ઞાનસત્રો ઊભાં કર્યાં છે. ચાલુ સમયની એક અનિવાર્ય જરૂરીઆતને પહોંચી વળવા કટિબદ્ધ થઇ વિદ્યાલયો, આશ્રમો, બોર્ડીંગો આદિ સ્થાપ્યાં છે. એ માટે આકરાં વિહાર કર્યા છે. એવા ઉપકારી સંતના દીક્ષાપર્યાયને ૫૦ વર્ષ પૂરા થયાં છે, એ આપણે માટે આનંદનો પ્રસંગ છે. આપણે એ ઉજવી એવી અભિલાષા વ્યક્ત કરીએ કે આ મહાત્મા આપણી વચ્ચે લાંબું જીવે અને સમાજ–ધર્મોન્નતિના વધુ ને વધુ કામો કરે.

## આચાર્યમહારાજશ્રીનું ભાષણ.

છેવટે આચાર્યમહારાજ શ્રી વિજયવલ્લભસૂરિજીએ વિવેચન કરતાં જણાવ્યું કે તમો જય પોકારી એથી કાંઇ વળ્યું નથી. આપણે તો ગુરૂદેવનું અધૂરું રહેલું કાર્ય પૂર્ણ કરવાનું છે. તમો વાણીઆ છો, તમારી વણિકબુદ્ધિ ચલાવી મને આ માનપત્ર ( અભિનંદન પત્ર ) આપો છો પણ રખે ભૂલતા કે તમે મને એમ ફોસલાવી નહીં શકો. હું તમારો–વાણીયાઓનો ગુરૂ છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણે તો હજી આ કાર્ય પૂરૂં કરવાનું છે. કોઇ પણ કાર્ય જ્ઞાનપૂર્વક થવું જોઇએ. એથી આ માનપત્રનો હું અત્યારે અધિકારી નથી. એ માનપત્ર અત્યારે તો પંજાબ સંઘ પાસે રહેશે અને મારી શરત પૂરી થયા પછી હું તે લઇશ. મારી શરત એ છે કે કૉલેજ માટે અંબાલા શ્રી સંઘ ૫૦૦૦૦, પંજાબ શ્રી સંઘ ૫૦૦૦૦, અને મુંબઇના શેઠીઆઓ ૫૦૦૦૦, મળી દોઢ લાખ રૂપિયા ભેગા કરવાના છે પણ એમાં અંબાલા અને પંજાબે પહેલ કરવા પછી મુંબઇ આવશે. પાંચ કલાકની કાર્યવાહી પછી જયનાદો સાથે સભા વિસર્જન થઇ હતી. કૉલેજ માટે કેટલીક રકમો લખાવવામાં આવી હતી.

## સાંજનો મેળાવડો.

સભા વિસર્જન થયા પછી એકાએક વંટોળીઓ આવ્યાથી અને મેઘરાજાની પધરામણી થવાથી સાંજની સભા મોડેથી કૉલેજના મુખ્ય હોલમાં રાખવામાં આવી હતી.

પ્રમુખસ્થાને શેઠ સકરચંદ મોતીલાલ જ બિરાજ્યા હતા. બહારથી આવેલા સંદેશાઓ સંભળાવ્યા પછી આચાર્યશ્રી વિજયવિદ્યાસૂરિજી, મુનિ વિચારવિજયજી આદિના ભાષણો થયા અને ભજનો વિગેરે ગવાયા. ત્રણે દિવસના કાર્યો શાંતિપૂર્વક અને નિર્વિઘ્નપણે સમાપ્ત થયા એથી હર્ષ વ્યક્ત કરી સભા વિસર્જન કરવામાં આવી હતી.



સૌભાગ્યશાલિની શ્રીમતી
શકુંતલા કાંતિલાલ ઇશ્વરદાસ

દીક્ષાર્ધ શતાબ્દી મહોત્સવનો સાંજનો કાર્યક્રમ લાયક વિદ્યાર્થીઓને ઇનામની વ્હેંચણી કરવાનો હતો. બીજો અગત્યનો કાર્યક્રમ આત્માનંદ કૉલેજ સાથે જોડાયેલ બગીચા–વલ્લભવાટિકાને શ્રીમતી શકુંતલા કાંતિલાલ ઇશ્વરદાસના નામ સાથે ખુલ્લો મૂકવાનો હતો.

શ્રીમતી શકુંતલાએ પોતાના ભાષણમાં જણાવ્યું હતું કે મને અને મારા પતિને આ તક આપવા માટે અમે અંબાલા સંઘના આભારી છીએ. હું આશા રાખું છું કે અહીંઆ બગીચામાં જેમ ફળો અને ફૂલોનો જેવો વિકાસ થાય છે તેવી જ રીતે આ કૉલેજના વિદ્યાર્થીઓની કેળવણીનો વિકાસ થાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## બગીચા માટે એક હજાર.

ત્યારપછી શ્રીમતી શકુંતલા કાંતિલાલવતી બગીચા માટે એક હજારની મદદ જાહેર કરવામાં હતી.

આ ઉત્સવમાં શ્રીયુત કાંતિલાલ અને તેમના પત્ની તરફથી કુલ સત્તર હજારની સખાવત કરવામાં આવી હતી. સવારના પાંચ કલાક અને સાંજના બે કલાકના કાર્યક્રમ પછી મેળાવડો વિસર્જન થયો હતો અને આત્માનંદ જૈન કૉલેજના કાર્યક્રમનો ત્રણ દિવસનો કાર્યક્રમ પૂરો થયો હતો.

ઉત્સવ પ્રસંગે મુંબઇ, ખંભાત, ભાવનગર, પુના, દીલ્હી અને બીજા સ્થળોએથી લગભગ ૫૦ જેટલા સંદેશાઓ આવ્યા હતા.

આચાર્યમહારાજની પધરામણી વખતે તેમનું ઘણું સન્માન કરવામાં આવ્યું હતું. વલ્લભવિજય મહારાજની જયના પોકારોથી આખી સભા ગાજી રહી હતી.

વિદ્યાર્થીઓએ મહારાજશ્રીના સ્તુતિગાન કરનારા ગીતો ગાયા બાદ જુદા જુદા વક્તાઓએ આચાર્યશ્રીને અંજલી આપી હતી.

સાંજે લગભગ સવાછ વાગે આચાર્યમહારાજ શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી, શ્રી વિજયવિદ્યાસૂરિજી તથા પંન્યાસજી શ્રી સમુદ્રવિજયજી મહારાજ આદિ ઘણી જ ધામધૂમથી હજારો નરનારિયોના સમૂહ સાથે શહેરમાં પધાર્યા હતા.

મુંબઇ, વડોદરા, અમદાવાદ, પાટણ, ખંભાત, બારસી ટાઉન, સાદડી, વાલી, ખુડાળા, ઉમેદપુર, માંડોલી આદિ અનેક સ્થળોએ વલ્લભદીક્ષાર્ધ્ધ શતાબ્દિ ઉજવ્યાના સમાચારો આવી રહ્યા છે.

કૉલેજ ફંડમાં લગભગ રૂ. ૨૦૦૦૦ વીસ હજાર લખાયા હતા.

### જ્ઞાન–માહાત્મ્ય

અજ્ઞાનીકી કરણી એસી,
અંક વિન શૂન્ય સારે મેં. જ્ઞાન૦
અજ્ઞાની વર્ષ એક કોટી મેં,
કરમ નિકંદન ભારે મેં. જ્ઞાન૦
જ્ઞાની શ્વાસોશ્વાસ એક મેં,
ઇતિને કરમ વિદારે રે. જ્ઞાન૦

—શ્રીમદ્ આત્મારામજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વલ્લભ દીક્ષાર્દ્ધ શતાબ્દી મહોત્સવ

## શ્રીમદ્ વિજયવલ્લભસૂરિજીની ટૂંક જીવનરેખા

અમદાવાદખાતે રતનપોળ ઉજમફઇની ધર્મશાળામાં તા. ૨૨–૬–૧૯૩૮ ના દિવસે શ્રીમદ્ વિજયવલ્લભસૂરિજીનો દીક્ષાર્દ્ધ શતાબ્દી મહોત્સવ ઉજવાયો હતો. બાળાઓએ મંગલાચરણનાં ગીત ગાયાં પછી શ્રી ભોગીલાલ કવિએ આચાર્યમહારાજશ્રીના ગુણોનું વર્ણન કર્યું હતું.

ત્યારબાદ વકીલ સારાભાઇ મોહનલાલ દલાલે પોતાના વક્તવ્યની શરૂઆતમાં કહ્યું હતું કે આપણે વ્યક્તિપૂજન માનતા નથી પણ ગુણપૂજન માનીએ છીએ. સાધુ જીવનના પચાસ વર્ષની ઉજવણીનો હેતુ શું ? સૂરિજી મહારાજના ઉપદેશના ફળરૂપે તા. ૨૦–૬–૧૯૩૮ના દિવસે અંબાલા( પંજાબ )માં શ્રી આત્માનંદ જૈન કોલેજનું ઉદ્ઘાટન થયું છે. અહીંઆ પણ કોલેજની ખાસ જરૂર છે એ બાબત આપણને સૂરિજી મહારાજે ઘણી ઘણી વખત સમજાવી હતી; વિગેરે બાબતો વિસ્તારથી સમજાવી હતી.

ત્યારબાદ શ્રી મૂલચંદ આશારામ વૈરાટી તથા જેસીંગભાઇ પોચાલાલે પ્રાસંગિક સુંદર વિવેચન કર્યું હતું.

ત્યારબાદ વડોદરાના રાજવૈદ્ય વાડીલાલ મગનલાલે બોલતાં જણાવ્યું કે મહારાજશ્રીની જન્મભૂમિ વડોદરા છે અને એ વીરક્ષેત્ર પ્રવર્તક શ્રીમદ્ **કાન્તિવિજયજી** મહારાજ તેમજ શાંતમૂર્તિ શ્રીમદ્ **હંસવિજયજી** મહારાજની પણ જન્મભૂમિ છે. તેઓશ્રીના વૈરાગ્યની શરૂઆતથી દીક્ષા સુધીનો પ્રસંગ સારી રીતે સમજાવ્યો હતો. ત્યારબાદ ડો. મહાજને હિન્દી ભાષામાં બોલતાં જણાવ્યું હતું કે આજે દરેક કોમ અને દરેક સમાજ પોતાની ઉન્નતિ કેવી રીતે કરી રહી છે.

ત્યારબાદ મુનિ વિકાસવિજયજી મહારાજે આચાર્ય મહારાજશ્રીના જીવન સંબંધી બોલતાં જણાવ્યું હતું કે તેઓશ્રીનો જન્મ સંવત ૧૯૨૭ ના કાર્તિક સુદ ૨ તથા દીક્ષા ૧૯૪૩ ના વૈશાખ શુદ ૧૩. દીક્ષા લીધા બાદ ૧૦ વર્ષ સુધી પૂજ્યપાદ ન્યાયાંભોનિધિ શ્રીમદ્ વિજયાનંદસૂરિજી મહારાજની સેવામાં રહ્યા અને વ્યાકરણ, કાવ્ય, ન્યાય અને સાહિત્યાદિનો અભ્યાસ કર્યો. તેઓશ્રી હંમેશા શ્રીમદ્ વિજયાનંદસૂરિજી મહારાજનું વ્યાખ્યાન શ્રવણ કરતા અને તે દ્વારા વ્યાખ્યાન અને વાદશક્તિ સંપૂર્ણપણે પ્રાપ્ત કરી. વિજયાનંદસૂરિજી મહારાજના સ્વર્ગવાસ પછી તેઓશ્રીએ પંજાબમાં દરેક જગ્યાએ વિચરી ધર્મપ્રભાવના કરી અને સમાના તથા નાણા આદિ સ્થળોએ શાસ્ત્રાર્થ પણ કર્યો. સં. ૧૯૬૦ ની સાલમાં અંબાલામાં શ્રી આત્માનંદ જૈન પાઠશાળાની સ્થાપના કરી, તે ધીમે ધીમે વૃદ્ધિંગત થઇ હાઇસ્કુલ બની અને આજે ત્યાં કોલેજનું ઉદ્ઘાટન થયું છે.

પંજાબમાંથી ૧૯૬૫ ની સાલમાં ગુજરાત પધાર્યા અને પાલનપુર ચાતુર્માસ કર્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે વખતે ત્યાં એક મોટું કેળવણી સહાયક ફંડ થયું, જેનું નામ શ્રી આત્મ વલ્લભ કેળવણી ફંડ. ત્યાં રાધનપુરવાળા શેઠ મોતીલાલ મૂલજીભાઇ સિદ્ધગિરિના સંઘ માટે આમંત્રણ આપવા આવ્યા, જેનો સ્વીકાર કર્યો અને રાધનપુર થઇ સિદ્ધગિરિ તરફ પધાર્યા. સં. ૧૯૬૬-૧૯૬૭ નું ચાતુર્માસ વડોદરા, મીયાંગામ થયું અને ત્યારબાદ તેઓશ્રીના પ્રયાસથી શ્રીમદ્ વિજયાનંદસૂરિજી મહારાજના સમુદાયનું સાધુ સંમેલન થયું, જેમાં એક એ પણ નિયમ હતો કે દરેક મુનિ જાહેરમાં વ્યાખ્યાન આપી શકે અને અન્યના જાહેર વ્યાખ્યાનમાં પણ જઇ શકે. સં. ૧૯૬૮ નું ચાતુર્માસ ડભોઇ અને ૧૯૬૯ નું મુંબઇ થયું.

સં. ૧૯૭૦ ની સાલમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સ્થાપના થઇ, જે સંસ્થા દ્વારા સેંકડો વિદ્યાર્થી ગ્રેજ્યુએટ, વકીલ અને ડોકટરી લાઇનનો અભ્યાસ કરી શક્યા છે. ત્યારબાદ ગિરનારજીની યાત્રા કરી મુંબઇ અમદાવાદ ચાતુર્માસ કરી મારવાડ પધાર્યા. તે દેશ કેળવણીમાં પછાત હતો. ત્યાંના બે ચાતુર્માસના પરિણામે આજે શ્રી પાર્શ્વનાથ જૈન વિદ્યાલય વરકાણા, ઉમેદપુર જૈન બાલાશ્રમ, આત્માનંદ જૈન સ્કુલ સાદડી વગેરે ઘણી સંસ્થા મોજુદ છે.

સં. ૧૯૮૧ ના માગસર સુદ ૫ ના દિવસે લાહોર( પંજાબ )માં આચાર્ય પદવી થઇ. તદુપરાંત તેઓશ્રીના જીવનમાંથી ઉદારતા અને સહનશીલતા આદિ ગુણો શીખવાના છે.

ત્યારબાદ આ. મ. શ્રી વિજયઉમંગસૂરિજી મહારાજે જણાવ્યું કે સં. ૧૯૪૦ ની સાલમાં તેઓશ્રીને શ્રીમદ્ આત્મારામજી મહારાજનાં દર્શન થયાં અને વ્યાખ્યાન સાંભળ્યું ત્યારથી વૈરાગ્યવાસના વધી. પાલીતાણાના ચાતુર્માસમાં પણ સાથે રહ્યા હતા અને સાધુચર્યાની ભાવના ભાવતા હતા. ત્યારબાદ રાધનપુર દીક્ષા થઈ. મેસાણા, પાલનપુર આદિ સ્થળોએ થઇ શ્રીમદ્ હર્ષવિજયજી મહારાજની તબીયત નરમ થવાથી પાલી તેમની સાથે ચાતુર્માસ કર્યું. ત્યાંથી દીલ્હી પધાર્યા. ત્યાં માલેરકોટલા, પટ્ટી, અંબાલા, જડિયાલા, ગુજરાંવાલા આદિ શહેરોમાં પાઠશાળાની સ્થાપના થઇ. મહારાજશ્રીજીના ઉપદેશથી ફ્લોધીવાળા પાંચુલાલ વૈદ્યનો જેસલમેરનો સંઘ, શીવગંજવાળા શેઠ ગોમરાજ ફતેચંદનો કેસરીઆજીનો સંઘ તેમજ ઉજમણાં, પ્રતિષ્ઠા, અંજનશલાકા આદિ ઘણાં ધર્મકાર્યો થયા છે.

ત્યારબાદ આ. શ્રી વિજયદેવસૂરિજી મહારાજે ઉપસંહારમાં ટૂંક વિવેચન કરી મંગલિક સંભળાવ્યું હતું. બપોરના બે વાગે શ્રીમદ્ વિજયવલ્લભસૂરિજી મહારાજકૃત ચારિત્ર ( બ્રહ્મચર્ય ) પૂજા ભણાવાઈ હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમ્યગ્ જ્ઞાનની કુંચી.

[ ગતાંક પૃષ્ઠ ૨૬૧ થી શરૂ ]

## આત્માના ધર્મવિમુખતાના સંભાવ્ય કારણો અને આત્માનું અધઃપતન.

આદમનાં અધઃપતનની રૂપક કથા આધ્યાત્મિક મહાન્ નિયમોનાં કાર્યનાં દૃષ્ટાન્તરૂપ છે. અમરત્વ અને પરમ સુખના વાંચ્છુઓથી આધ્યાત્મિક નિયમોની ઉપેક્ષા ન જ થાય. પૂર્વકાલીન મહાપુરુષો ધર્મનાં મહામૂલ્ય ગુપ્ત સત્યોનો આપણને વારસો આપી ગયા છે. તેમનો પરમ બોધ વિજ્ઞાન( વિશિષ્ટ જ્ઞાન )નાં વિજ્ઞાનરૂપ છે. પરમ સુખની પ્રાપ્તિ એ જીવનનું સર્વોચ્ચ ધ્યેય છે એ મહાપુરુષોના બોધનું રહસ્ય છે. જે મનુષ્યો સુખની પ્રાપ્તિ એ મનુષ્યની તીવ્ર અભિલાષા છે એમ જાણવા છતાંયે, સુખની પ્રાપ્તિ માટે જાણ્યેઅજાણ્યે કશોયે પ્રયત્ન નથી કરતા તેમની વિવેકશૂન્યતા ખરેખર દયાપાત્ર છે. પરમસુખની તીવ્ર ઉત્કંઠા વિના મનુષ્યને સંસારસાગરમાં ગોથાં જ ખાવાં પડે છે. જન્મ મરણ ટળતાં નથી. જન્મ અને મૃત્યુની પરંપરા અવિરતપણે ચાલુ રહે છે. પૂર્વના જ્ઞાની પુરૂષો આપણા માર્ગદ્રષ્ટાઓ હતા. તેમણે આત્મસાક્ષાત્કારનો જે પરમ બોધ આપ્યો છે એ જ આપણે માટે ઇષ્ટ છે. આત્મસાક્ષાત્કાર વિના બીજું સર્વ કંઇ અનિષ્ટ અને અનિચ્છનીય છે એ નિર્વિવાદ સત્ય સૌ કોઇને કબૂલ કરવું જ પડશે.

પરમાત્માએ સ્વર્ગ–ઉપવનની આસપાસ દેવદૂત અને જ્વાળામય અસિ–( તલવાર )નું નિધાન કર્યું એનું રહસ્ય સમજવા જેવું છે. દેવદૂત અને જ્વાળામય અસિ એ બન્ને અનુક્રમે નિકૃષ્ટ ચિત્ત અને વિશ્વનાં આકર્ષણો રૂપ છે. નિકૃષ્ટ ચિત્તથી ઇંદ્રિય–લાલસાઓ પરિણમે છે. લાલસાઓની પરિણતિ થતાં લાલસાઓની પરિતૃપ્તિ કરવાનું મનુષ્યને સાહજિક રીતે સ્ફુરણ થાય છે. ઇચ્છાનાં પ્રાધાન્યને કારણે, નિકૃષ્ટ ચિત્ત સર્વદા ચંચળ રહે છે. નિકૃષ્ટ ચિત્તને કશોયે આરામ હોતો નથી. અવિશ્રાન્તિ એ નિકૃષ્ટ ચિત્તની વિશિષ્ટતા રૂપ છે. અવિશ્રાન્તિને કારણે, નિકૃષ્ટ ચિત્ત સર્વ દિશાએ ફર્યા જ કરે છે. નિકૃષ્ટ ચિત્તથી સર્વ પ્રકારનું જ્ઞાન એક કાળે પ્રાપ્ત નથી થઇ શકતું. તેનાથી એક જ સમયે એક જ વસ્તુનું જ્ઞાન થઇ શકે છે. આથી તે એકી વખતે એક જ મનુષ્યને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અંદર આવવા દે તેવા રંગભૂમિ આદિના દ્વારપાળ* જેવું છે. જ્વાળામય તલવાર એટલે ઇંદ્રિયો કે બાહ્ય જગતનાં આકર્ષણો. મન અને બાહ્ય જગત એ આ પ્રમાણે જીવનવૃક્ષના રક્ષકો છે. ચિત્ત અને બાહ્ય જગત્ ઉપર સંપૂર્ણ સંયમ મેળવનાર મનુષ્યોને જ જીવન–વૃક્ષ પ્રાપ્ત થાય છે. ( ચાલુ )

* નિકૃષ્ટ ચિત્ત એટલે મન કે અવધારણા. નિકૃષ્ટ ચિત્તથી વસ્તુઓનું જ્ઞાન એક જ સમયને અનુલક્ષીને મર્યાદિત બને છે. સર્વ વસ્તુઓ ચિત્તને એક જ સમયે જ્ઞેય બની શકતી નથી. સર્વ ઇંદ્રિયો એકી સાથે કાર્ય નથી કરતી એમ અવધારણાનાં સ્વરૂપ ઉપરથી સ્પષ્ટ જણાય છે. ચિત્ત એક ઇંદ્રિય સાથે સંલગ્ન હોય ત્યારે બીજી ઇંદ્રિયો સાથે તેની સંલગ્નતા બંધ પડે છે. એક વસ્તુનો વિચાર કરતાં બીજી વસ્તુઓનો વિચાર નથી થઇ શકતો, એ ઉપરથી પણ સર્વ વસ્તુઓનાં સમકાલીન જ્ઞાનની અશક્યતા પ્રતીત થઇ શકે છે. આત્મામાં સમકાલીન વસ્તુઓનું પરાવર્ત્તન થઇ શકે છે પણ સર્વ વસ્તુઓનાં જ્ઞાનની પ્રાપ્તિમાં અવધારણાથી અંતરાય થાય છે. જે વસ્તુમાં વધારે રસ પડે તેમાં અવધારણા મગ્ન થાય છે.

અવધારણાથી રસ કે સ્વાર્થવૃત્તિ સૂચિત થાય છે. રસ એટલે ઇચ્છા. જે વસ્તુઓ પ્રાપ્ત કરવાની કે ભોગવવાની ઇચ્છા થાય તેમાં જ મનુષ્યને રસ પડે છે. અવધારણા એટલે ઇચ્છાશક્તિનું બળ એમ કહી શકાય.

ઇચ્છાશક્તિઓ એ વિવિધ પ્રકારનાં બળો છે. તેઓ જાણ્યે–અજાણ્યે અમુક વસ્તુ તરફ આપણને ખેંચી જાય છે. અવધારણા એટલે ઇચ્છાશક્તિના વિવિધ બળોનો પ્રવાહ. ખ્રિસ્તી ધર્મશાસ્ત્રોમાં અવધારણાને સર્પરૂપે ગણવામાં આવી છે. સર્વજ્ઞતાના વાંચ્છુકે ઇચ્છારૂપ સર્પનો નાશ કરવો એવો અર્થ આથી નિષ્પન્ન થાય છે.

જેવી રીતે નીતિવેત્તા નીતિના કાનૂનોને રૂક્ષ અને અક્કડ બનાવવા પ્રયત્ન કરે છે, જેવી રીતે બુદ્ધિવાદી કલાને સાહિત્યની બાહ્ય સપાટીને સ્પર્શે છે, તેવી રીતે આપણા ધાર્મિકો ધર્મનાં સત્યને સમજ્યા વિના બાહ્ય ક્રિયામાં જ ધર્મ સમાપ્ત થયો એમ સમજી લે છે.

કોઇ પણ વ્યાખ્યા, ક્રિયા કે શબ્દો રાજ્યનું સ્થાનક લઇ શકે નહિ, કારણ કે આ બધાં તો માત્ર પડછાયા છે, ને આજે આપણે પડછાયા પર કલહ કરીએ છીએ.

—પ્રો૦ સર રાધાકૃષ્ણન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ક્ષણિક વસ્તુઓમાં આસક્ત થઈને અનંતુ જીવન ક્ષણિક ન બનાવો.

( ગતાંક પૃષ્ઠ ૨૬૫ થી ચાલુ )

લે૦ શ્રી વિજયકસ્તુરસૂરિજી મહારાજ

સાચા જીવનની ઓળખાણ વગરના મિથ્યા જીવનમાં જીવી જાણનારા જડાસક્ત જડાત્માઓ ઉપર બતાવેલા કારણોને લઇને અનેક જીવોના જીવનને અનેક પ્રકારે તોડી નાંખે છે. પોતાના જડમય જીવનની પુષ્ટિ કરવા અનેક પ્રકારના જડોનો સંગ્રહ કરે છે. જીવોએ પોતાના ક્ષણિક જીવનમાં જીવવા ધારણ કરી રાખેલા પંચભૂતમય દેહના સંયોગને પોતાના ક્ષણિક જીવનને લાંબું કરવા છોડાવીને પોતાના ઉપભોગમાં લે છે.

પોતાને પોતાનો જડમય દેહ છોડવો ગમતો નથી. કોઇ છોડાવવા પ્રયત્ન કરે કે છૂટી જવાનું કહે તો ઘણું જ દુઃખ મનાવે છે, પરંતુ બીજા જીવો માટે તો નિર્દયતાથી બળાત્કારે તેમનો જીવનદીપક બુઝાવી નાંખી મૃત્યુના મ્હોંમાં હડસેલી મૂકવા તૈયાર થઇ જાય છે. આ પ્રમાણે બીજા જીવોનો જીવનદીપક બુઝાવી નાંખી પોતાની જીવનજ્યોતિ પ્રગટાવવા આજ સુધીમાં કોઇ પણ સમર્થ થયો નથી. જીવનજ્યોતિ પ્રગટાવનારાઓ જીવ માત્રના જીવનદીપકને જાળવનારા હોય છે. લાખો દીવા સળગતા હોય તે બધાને બુઝાવી નાંખીને પોતાનો દીવો સળગતો રાખી વધુ પ્રકાશમય બનાવવાની ઇચ્છા રાખવી નિરર્થક છે; કારણ કે દીવાથી દીવો સળગે છે અને અનેક દીવાઓના પ્રકાશથી વધુ પ્રકાશમય બને છે.

શરીરના રૂપે જીવની સાથે જોડાયલા અથવા તો જીવથી છૂટા પડેલા જડ પદાર્થોમાં આસક્ત થયેલા જ્યારે જ્યારે જીવોને જુએ છે ત્યારે ત્યારે તેનો નાશ ઇચ્છે છે. બહારવટીયાઓ-લૂંટારાઓ તો માણસોના પાસે રહેલી ધનસંપત્તિ લૂંટી લઇને જીવતા પણ મૂકી દે છે, માણસોની પ્રાણસંપત્તિનું હરણ કરતા પણ નથી; પરંતુ દેહ આસક્ત દાનવ જાતિના માણસો તો જીવોની પ્રાણસંપત્તિ લૂંટી લઇને અસહ્ય દુઃખ દે છે. જીવોને ધનસંપત્તિ આપતાં તેટલું દુઃખ થતું નથી, જેટલું દુઃખ પ્રાણસંપત્તિ આપતાં થાય છે; માટે લૂંટારાઓ કરતાં પણ જીવના પ્રાણ હરણ કરનારો અત્યંત નિર્દય હોય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાચું જીવન એટલે નિત્ય જીવન, અને તે આત્માનો જ સ્વભાવ છે. ત્રણે કાળમાં જીવે છે માટે જ આત્માને જીવ કહેવામાં આવે છે. સાચા જીવનથી રહિત આત્મા કોઈ પણ કાળે રહી શકતો નથી. આયુષ્ય કર્મરૂપી જડ વસ્તુના સંયોગથી જીવવું તે ખોટું–અનિત્ય જીવન છે. આવા પ્રકારના જીવનનો આરોપ આત્મામાં કરવામાં આવે છે. આરોપ કરાયલી વસ્તુ ખોટી હોય છે. આવા ખોટા જીવનને સાચું જીવન માનવાથી તેના રક્ષણ માટે નિરંતર અજ્ઞાની જીવ પ્રયત્ન કરી રહ્યો છે; પણ સાચા જીવનને પ્રગટ કરવા પ્રયત્ન કરતો નથી. ફરીથી સંયોગ ન થવા પામે તેમ આયુષ્યકર્મનો સર્વથા ક્ષય થયા સિવાય આત્માનું નિત્ય જીવન પ્રગટ થઇ શકતું નથી, અને સર્વથા આયુષ્ય કર્મનો ક્ષય સર્વ જીવોનું રક્ષણ કર્યા સિવાય થતો નથી. સર્વ જીવોનું રક્ષણ જડ ઉપરથી આસક્તિ દૂર કરીને અનાસક્તિ ધારણ કર્યા સિવાય થઇ શકે નહિં. જ્યાંસુધી જીવોની જડ ઉપર આસક્તિ છે ત્યાંસુધી દેહના રક્ષણરૂપ ખોટા જીવનને ટકાવી રાખવા અનેક જીવોનો સંહાર કરવાના જ, અને આયુષ્ય કર્મ અવશ્ય બાંધવાના જ. જેથી ફરી ન બંધાવા રૂપ આયુષ્યનો સર્વથા ક્ષય ન થવાથી ખોટાં જીવન વારંવાર પ્રાપ્ત થવાના. આવા ખોટા જીવનમાં જીવ જ્યાં સુધી જીવશે ત્યાં સુધી પોતાના શુદ્ધ–સાચા જીવનનો ઉપભોક્તા થઇ શકવાનો નથી.

પ્રકાશ કરવો તે સૂર્યનો શુદ્ધ સ્વભાવ જ છે; કારણ કે પ્રકાશમય સૂર્ય હોય છે. તેને પોતાનો પ્રકાશ કાયમ રાખવા અથવા તો પોતે પ્રકાશ કરવા પ્રકાશ રહિત અંધારાની જરૂરત પડતી નથી, કારણ કે જે પોતે જ પ્રકાશ વગરનું છે તે બીજાને પ્રકાશ આપી શકતું નથી; તેમજ તેને પ્રકાશ કરવામાં મદદ પણ કરી શકતું નથી. એક તો સાચો પ્રકાશ કે જે સૂર્યનો ધર્મ–સ્વભાવ છે, અને સૂર્યમાં રહે છે તે, અને બીજો ખોટો પ્રકાશ તે ક્ષણિક પ્રકાશ. આરિસા ઉપર સૂર્યનું પ્રતિબિંબ પડ્યા પછી તે આરિસાનો પડછાયો અંધકારવાળા સ્થળમાં પડે છે તે આ આરિસાનો પડછાયારૂપ પ્રકાશ આયનો ખસી જવાથી કે ભાંગી જવાથી નષ્ટ થઇ જાય છે. આરિસો પાછો તે સ્થળે આવવાથી પાછો પ્રકાશ પ્રગટ થઇને અંધકારમાં રહેલી વસ્તુઓને ઓળખાવે છે. આરિસો ભાંગી ગયો હોય અને બીજો આરિસો સૂર્યના સામે રાખી તેનું પ્રતિબિંબ ન પાડવામાં આવે તો આરિસાના પડછાયારૂપ પ્રકાશનો સર્વથા નાશ થઇ જાય છે. આ પ્રમાણે બનાવટી પ્રકાશનો નાશ થવાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સૂર્યમાં રહેલા સાચા પ્રકાશનો નાશ થતો નથી. સાચા જીવનની અને બનાવટી ક્ષણિક જીવનની પણ વ્યવસ્થા આવી જ રીતે છે. સાચું જીવન તે જીવનો સ્વભાવ, અને ખોટું જીવન તે આયુષ્ય કર્મરૂપ આરિસા ઉપર જીવનું પ્રતિબિંબ પડી દેહમાં પડછાયારૂપે જણાય છે તે. આયુષ્યરૂપી આરિસો ખસી જવાથી જીવમાં રહેલા જીવનના પ્રકાશના પ્રતિબિંબનો પડછાયો દેહ જેવા અંધકારવાળા સ્થળમાં પડતો નથી એટલે આપણે એમ કહી દઇએ છીએ, કે આ મરી ગયો છે. મરણ વસ્તુ પણ જીવના જીવનનું આયુષ્ય કર્મ ઉપર પ્રતિબિંબ પડીને જે પડછાયો પડે છે તે ન પડવાનું નામ જ છે. આ પ્રમાણે આયુષ્ય કર્મ સર્વથા નષ્ટ થઇ ગયા પછી ખોટું જીવન નષ્ટ થવાથી સાચું જીવન નાશ પામતું નથી.

અણજાણ જીવો સાચા તથા ખોટા જીવનના સ્વરૂપને ન ઓળખતા હોવાથી દેહના સંયોગરૂપ ખોટા જીવનને જ જીવન માનીને તે દેહનો સંયોગ નિત્ય-કાયમ રાખવા ચોવીશે કલાક પ્રયત્ન કરી રહ્યા છે; પરંતુ આ એક પ્રકારનું અપૂર્વ સાહસ છે; કારણ કે પૂર્વે થઈ ગયેલા મહાસમર્થ પુરૂષો પણ દેહના સંયોગને નિત્ય બનાવી શકયા નથી તો પછી અત્યારના સત્વહીન અને શક્તિહીન જીવો શું કરી શકવાના હતા? અને સંયોગનો વિયોગ ન થવા દેવો તે આકાશકુસુમ જેવી વાત છે. જ્યાં સંયોગ છે ત્યાં વિયોગ પણ અવશ્ય રહેલો જ છે, માટે જીવનનું સાચું સ્વરૂપ ઓળખીને સર્વ જીવોનું રક્ષણ કરવામાં ધ્યાન આપનારાઓ જ નિત્ય જીવનને મેળવી શકશે. બાકી તો દેહ સંયોગરૂપ જીવનને જીવન માની દેહનો સંયોગ ટકાવી રાખવા જેમ જેમ અનેક જીવોનો સંહાર કરશે તેમ તેમ અનંતા ક્ષણિક જીવનરૂપ જીવનના અનંતા ટુકડા કરી અનંતું દુઃખ ભોગવશે માટે દુઃખથી છૂટવું હોય તો સાચું જીવન મેળવો. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

## વાર્ષિક અનુક્રમણિકા.


| નંબર. | વિષય. | લેખક. | પૃષ્ઠ. |
|---|---|---|---|
| ૧ | મંગલાચરણ [ શ્લોક ] | | ૧ |
| ૨ | શ્રી વીરસ્તુતિ [ કાવ્ય ] | ( રાજપાળ મગનલાલ વ્હોરા ) | ૨ |
| ૩ | નૂતન વર્ષનું મંગલમય વિધાન. | | ૩ |
| ૪ | ઋષભપંચાશિકા. | | ૮, ૨૫ |
| ૫ | સમ્યગ્ જ્ઞાનની કુંચી. | | ૧૦,૨૮,૫૧,૭૮,૧૦૮,૧૩૫, ૧૬૬,૧૯૧,૨૧૨,૨૩૬,૨૫૯,૩૦૭ |
| ૬ | અધ્યાત્મિક ભૂખ. | ( અનુ: અભ્યાસી ) | ૧૩ |
| ૭ | આત્માધીન અને પરાધીન મુનિજન | ( બકુશ કુશીલ ) | ૧૫ |
| ૮ | માયા | ( આત્મવલ્લભ ) | ૨૦ |
| ૯ | વૃદ્ધ મુનિરાજશ્રી સુમતિવિજયજીનો સ્વર્ગવાસ | | ૨૨ |
| ૧૦ | વર્તમાન સમાચાર | | ૨૪, ૭૩, ૧૦૪, ૧૨૮, ૧૮૩, ૨૦૮, ૨૩૧, ૨૫૫, ૨૭૮ |
| ૧૧ | પ્રભુ પ્રાર્થના [ કાવ્ય ] | | ૨૫ |
| ૧૨ | ક્ષમા યાચના [ કાવ્ય ] | ( સં: સ. ક. વિ. ) | ૨૬ |
| ૧૩ | પ્રભુ પ્રાર્થના [ કાવ્ય ] | ( સં: સ. ક. વિ. ) | ૨૬ |
| ૧૪ | મુમુક્ષુ આત્માઓએ જાણવા જેવું | ( મુમુક્ષુ મુનિ ) | ૩૨ |
| ૧૫ | જલબિંદુઓ | ( રાજપાળ મગનલાલ વ્હોરા ) | ૩૫ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| | | | |
|---|---|---|---|
| ૧૬ | ચક્રવર્તી અને વાસુદેવ | ( મોહનલાલ દીપચંદ ચોકસી ) | ૪૦ |
| ૧૭ | સ્વ. મુનિરાજશ્રી ચરણવિજયજી. | | ૪૩ |
| ૧૮ | ક્ષમાપના [ કાવ્ય ] | ( રેવાશંકર વાલજી બધેકા ) | ૪૬ |
| ૧૯ | સ્વીકાર અને સમાલોચના ૪૭, ૧૦૨, ૧૨૫, ૧૮૨, ૨૦૬, ૨૩૨, ૨૫૬, | | ૨૮૦ |
| ૨૦ | ચર્ચા પત્ર | | ૪૮ |
| ૨૧ | આરદા [ કાવ્ય ] | ( છોટમ અ. ત્રિવેદી ) | ૪૯ |
| ૨૨ | શુષ્ક જીવન કેમ ખીલે વિકસે ? [ કાવ્ય ] | ( સ. ક. વિ. ) | ૫૦ |
| ૨૩ | શિયળની સજ્ઝાય. | ( સ. ક. વિ. ) | ૫૦ |
| ૨૪ | આનંદ યોગ | ( અનુ. વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ બી. એ. ) | ૫૫ |
| ૨૫ | પ્રતિપક્ષનિરાસ પ્રકાશ. | ( સ. ક. વિ. ) | ૬૦ |
| ૨૬ | જૈન ઐતિહાસિક નોંધ. | ( રાજપાળ મગનલાલ વ્હોરા ) | ૬૨ |
| ૨૭ | ધર્મપ્રશંસા. | ( સ. ક. વિ. ) | ૬૪ |
| ૨૮ | અધ્યાત્મકલ્પદ્રુમ. | ( ભગવાનલાલ મનઃસુખભાઇ મ્હેતા ) | ૬૫, ૮૨ |
| ૨૯ | સુભાષિત વાક્યો | ( મુમુક્ષુ મુનિ ) | ૬૮ |
| ૩૦ | નૂતન વર્ષાભિનંદન | ( છોટમ અ. ત્રિવેદી ) | ૭૫ |
| ૩૧ | દિવાળીનું સત્ય સ્વરૂપ શું ? [ કાવ્ય ] | ( રેવાશંકર વાલજી બધેકા ) | ૭૬ |
| ૩૨ | ક્રોધ કષાય | ( આત્મવલ્લભ ) | ૮૬ |
| ૩૩ | શ્રી નવપદ ગુણગર્ભિત સિદ્ધચક્ર મહિમા | ( સ. ક. વિ. ) | ૮૮ |
| ૩૪ | બ્રહ્મચર્ય આશ્રમનો પ્રભાવ | ( સ. ક. વિ. ) | ૯૦ |
| ૩૫ | વીતરાગ સ્તોત્ર-પ્રકાશાનુવાદ પ્રભુના અતિશય વર્ણન | ( સ. ક. વિ. ) | ૯૧ |
| ૩૬ | રાજવંશનો રક્ષણહાર ને દેશનો શણગારણહાર | ( ન્હાનાલાલ દ. કવિ ) | ૯૫ |
| ૩૭ | હેમંત ઋતુનું વર્ણન [ કાવ્ય ] | ( રેવાશંકર વાલજી બધેકા ) | ૧૦૫ |
| ૩૮ | લક્ષ્મીનું માહાત્મ્ય અને દાનનું સ્વરૂપ | ( આત્મવલ્લભ ) | ૧૧૧, ૧૪૩ |
| ૩૯ | આત્મિક આરોગ્ય | ( રાજપાળ મગનલાલ વ્હોરા ) | ૧૧૩ |
| ૪૦ | આત્મિક સૌંદર્ય | ( રાજપાળ મગનલાલ વ્હોરા ) | ૧૧૪ |
| ૪૧ | જગત્કર્તૃનિરાસ પ્રકાશ | ( સ. ક. વિ. ) | ૧૧૬ |
| ૪૨ | આચારાંગ સૂત્રના સુભાષિતો | ( સ. ક. વિ. ) | ૧૧૭ |
| ૪૩ | પ્રાસ્તાવિક સદ્બોધ | ( સ. ક. વિ. ) | ૧૨૦ |
| ૪૪ | વિજ્ઞાન યુગનો પરમાણુ | ( મોહનલાલ દીપચંદ ચોકસી ) | ૧૨૧ |
| ૪૫ | પ્રભુ સ્તવન [ કાવ્ય ] | ( છોટમ અ. ત્રિવેદી ) | ૧૨૯ |
| ૪૬ | ધરણેંદ્ર નાગરાજ અને નમિ વિનમિ | ( મુનિશ્રી ન્યાયવિજયજી ) | ૧૩૦ |
| ૪૭ | પુષ્પમાળા હિતોપદેશ | ( સ. ક. વિ. ) | ૧૩૮ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૪૮ સજ્જન દુર્જનનાં લક્ષણો ( રાજપાળ મગનલાલ વ્હોરા ) ૧૪૦
૪૯ પ્રાસ્તાવિક તત્ત્વબોધ ( સ. ક. વિ. ) ૧૪૨
૫૦ જ્ઞાનની પરબ-બોર્ડીંગનું ઉદ્‌ઘાટન ૧૪૫
૫૧ શ્રી વિજયાનંદસૂરિ જયંતિ નિમિત્તે સખાવત ૧૫૫
૫૨ શ્રી પાટણમાં જ્ઞાનમંદિરની સ્થાપના ૧૫૮
૫૩ આ. શ્રી વિજયવલ્લભસૂરિજીના વિહાર સમાચાર ૧૫૯
૫૪ પ્રાર્થના [ કાવ્ય ] ( છોટમ અ. ત્રિવેદી ) ૧૬૧
૫૫ કર્મલીલા સવૈયા [ કાવ્ય ] ( આ. શ્રી વિજયકસ્તુરસૂરિજી ) ૧૬૨
૫૬ સોનેરી સુવાકયો ( સ. ક. વિ. ) ૧૬૪, ૨૦૪, ૨૭૨
૫૭ દઢ ગુણાનુરાગ-પ્રશંસા ( સ. ક. વિ. ) ૧૬૮
૫૮ ત્યાગના સ્વરૂપ અને સાધન ( અનુ: અભ્યાસી ) ૧૭૦
૫૯ ષટ્ દ્રવ્યસ્વરૂપ ( મોહનલાલ દીપચંદ ચોકસી ) ૧૭૫
૬૦ શ્રી મહેન્દ્ર પંચાંગ માટે સાક્ષર મુનિવર્યનો અભિપ્રાય ૧૮૦
૬૧ શ્રી વીર સ્તુતિ [ કાવ્ય ] ( રાજપાળ મગનલાલ વ્હોરા ) ૧૮૫
૬૨ સુભાષિત મુકતામાલા ( રાજપાળ મગનલાલ વ્હોરા ) ૧૮૬
૬૩ દો-લત [ કાવ્ય ] ( ભગવાનદાસ મનઃસુખલાલ મહેતા ) ૧૮૯
૬૪ છ દ્રવ્ય યા પાંચ અસ્તિકાય અને કર્મસમૂહ ( રા. ચોકસી ) ૧૯૫
૬૫ પવિત્ર જીવનના સાધન ( અનુ. અભ્યાસી ) ૧૯૮
૬૬ ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય શ્રીમદ્ આત્મારામજીનાં સંસ્મરણો અને નમન [કાવ્ય] ( રેવાશંકર વાલજી બધેકા ) ૨૦૯
૬૭ શ્રી સંઘપૂજાનો મહિમા ( ગાંધી ) ૨૧૩
૬૮ સંસારમાં સ્વાર્થ સિવાય પ્રેમ કે સ્નેહ જેવી કોઈ વસ્તુ જ નથી. ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિ ) ૨૧૬, ૨૩૭
૬૯ શ્રી વીરજયંતિ પ્રસંગે સહૃદય જનોનાં હિતાર્થે ( સ. ક. વિ. ) ૨૨૩
૭૦ અષ્ટકર્મ જ્ઞાનસ્વરૂપ. ( રા. ચોકસી ) ૨૨૮
૭૧ શ્રી મહાવીર પ્રભુ જયંતિ પ્રસંગે પ્રાર્થના [ કાવ્ય ] (રેવાશંકર વાલજી બધેકા) ૨૩૩
૭૨ ધર્મનું મહાત્મ્ય ( આત્મવલ્લભ ) ૨૪૨
૭૩ સાંસારિક સુખ ( છોટમ અ. ત્રિવેદી ) ૨૪૪
૭૪ પાંચ જ્ઞાનનું સ્વરૂપ ( ચોકસી ) ૨૪૭
૭૫ પાંચ સકાર ( અભ્યાસી બી. એ. ) ૨૫૧
૭૬ ઉપદેશક પદ ( આ. શ્રી વિજયકસ્તુરસૂરિજી મહારાજ ) ૨૫૭


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૭૭ ક્ષણિક વસ્તુઓમાં આસક્ત થઇને અનંતુ જીવન ક્ષણિક ન બનાવો
(આ. શ્રી વિજયકસ્તુરસૂરિજી) ૨૬૨, ૩૦૪
૭૮ માન કષાય (ગાંધી) ૨૬૫
૭૯ સાચી લોક-સેવા (અનુ: અભ્યાસી) ૨૬૯
૮૦ મોહ-મમતા શેમાં રહેલી છે? (V) ૨૭૧
૮૧ પરનિંદા સમું કાઇ પાપ નથી એમ સમજી તે મહાપાપસ્થાનકથી ઓસરવું.
(સ. ક. વિ.) ૨૭૫
૮૨ ધર્મસ્થિરતા-ગુણમાં કરવો જોઇતો દૃઢ પ્રયત્ન (સ. ક. વિ.) ૨૭૭
૮૩ શ્રી વલ્લભ દીક્ષાર્દ્ધ શતાબ્દિ મહોત્સવ તથા શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી ટૂંક
જીવનચરિત્ર (રેવાશંકર વાલજી બધેકા) ૨૮૧
૮૪ અંબાલા-પંજાબમાં અપૂર્વ મહોત્સવો ૨૮૪
૮૫ શ્રી વલ્લભ દીક્ષાર્દ્ધ શતાબ્દી મહોત્સવ ૩૦૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી મહાવીર જીવનચરિત્ર.

## ( શ્રી ગુણચંદ્ર ગણિકૃત )

બાર હજાર શ્લોકપ્રમાણુ મૂળ પાકૃત ભાષામાં વિસ્તારપૂર્વક, સુંદર શૈલીમાં આગમો અને પૂર્વાચાર્યોરચિત અનેક ગ્રંથોમાંથી દોહન કરી શ્રી ગુણુચંદ્ર ગણિએ સં. ૧૧૩૯ની સાલમાં રચેલો આ ગ્રંથ, તેનું સરલ અને સુંદર ગુજરાતી ભાષાંતર કરી શ્રી મહાવીર જીવનના અમુક પ્રસંગોના ચિત્રોયુક્ત, સુંદર અક્ષરોમાં પાકા કપડાના સુશોભિત બાઇન્ડીંગથી તૈયાર કરી પ્રકટ કરવામાં આવ્યો છે.

અત્યાર સુધીમાં પ્રકટ થયેલ શ્રી મહાવીર ચરિત્રો કરતાં વધારે વિસ્તારવાળો, જીવનના અનેક નહિ પ્રકટ થયેલ જાણુવા જેવાં પ્રસંગો, પ્રભુના પાંચે કલ્યાણકો, સત્તાવીશ ભવોના વિસ્તારપૂર્વક વિવેચન અને છેવટે પ્રભુએ સ્થળે સ્થળે આપેલ વિવિધ વિષયો ઉપર બોધદાયક દેશનાઓનો સમાવેશ આ ગ્રંથમાં કરવામાં આવેલ છે.

શ્રી મહાવીર પ્રભુના શાસનમાં આપણો જૈન સમાજ અત્યારે તેઓશ્રીના ઉપકાર નીચે છે. તેથી આ પ્રભુનાં જીવનચરિત્રનું મનનપૂર્વક વાંચન, પઠનપાઠન, અભ્યાસ કરવો જ જોઇએ. વધારે લખવા કરતાં અનુભવ કરવા જેવું છે. સુમારે છસેંહ પાનાનો આ ગ્રંથ મ્હોટો ખર્ચ કરી પ્રકટ કરવામાં આવેલો છે. કિંમત રૂા. ૩–૦–૦ પોસ્ટેજ જુદું.

લખો: **શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

---

## શ્રી આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને ભેટનું પુસ્તક.

**“ મહામેઘવાહન જૈન રાજા ખારવેલ ”** નામનો પ્રાચીન ઐતિહાસિક ગ્રંથ સુપ્રસિદ્ધ લેખક રા. સુશીલના હાથે તૈયાર થાય છે, છપાય છે. તૈયાર થયા પછી ચાલતા ધોરણ મુજબ એ વર્ષના લવાજમનું વી. પી. કરી અમારા માનવંતા ગ્રાહકોને ભેટ મોકલવામાં આવશે જે સ્વીકારી લેવા અમારી નમ્ર સૂચના છે.

---

## અમારા માનવંતા પેટ્રન સાહેબો અને લાઈફ મેમ્બરોને ભેટ.

નીચેના ત્રણ ગ્રંથો તૈયાર થાય છે. તૈયાર થયે ચાલતા ધોરણ પ્રમાણે મોકલવામાં આવશે.

૧ **શ્રી મહાવીર જીવનચરિત્ર** ( સચિત્ર ) છસેંહ પાનાનો દલદાર ગ્રંથ રૂા. ૩–૦–૦

૨ **શ્રી આત્મકાન્તિ પ્રકાશ**—પૂજ્ય પ્રવર્ત્તકજી શ્રી કાન્તિવિજયજી મહારાજનાં ભક્તિરસભર્યા વિવિધ સ્તવનો ( જેમાં મુનિરાજ શ્રી ચતુરવિજયજી મહારાજ તથા ઉત્તમ ભોજકની કૃતિઓનો સમાવેશ છે. વેચાણુ માટે સીલીકે નથી )

૩ **“ મહામેઘવાહન જૈન રાજા ખારવેલ ”** પ્રાચીન ઐતિહાસિક જાણુવા જેવી હકીકતપૂર્વક ગ્રંથ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

# શ્રી બૃહત્કલ્પસૂત્ર ત્રીજો ભાગ.

## ( પ્રથમ ઉદ્દેશ )

( શ્રી ભદ્રબાહુ સ્વામીપ્રણીત સ્વોપજ્ઞનિર્યુક્તિ સહિત અને શ્રી સંઘદાસગણિ ક્ષમાશ્રમણ સંકલિત ભાષ્ય સહિત )

અતિમાન્ય આ છેદસૂત્રનો આ ત્રીજો ભાગ પ્રાચીન ભંડારો અને લિખિત તાડપત્રીય પ્રતો સાથે રાખી અનુપમ પ્રયત્ન સેવી સાક્ષરવર્યો મુનિરાજ **શ્રી ચતુરવિજયજી મહારાજ** તથા **મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજે** સંશોધન કરી તૈયાર કરેલ છે, કે જેમાં કલ્પાધ્યયન ટીકામાં પ્રથમ ઉદ્દેશની પરિસમાપ્તિ કરવામાં આવેલ છે. અમારા પ્રાચીન સાહિત્ય ( સંસ્કૃત–પ્રાકૃત )ના પ્રકાશનોમાં પ્રસ્તાવના, નિવેદનો ગુજરાતી ભાષામાં પ્રકટ કરવામાં આવે છે કે જેથી તે તે ગ્રંથોના અજાણ ભાઈઓ વગેરે આમાં શું વિષય છે, સંશોધનકાર્યમાં કેવો પરિશ્રમ સેવી સંપાદક મહાપુરુષો સાહિત્યસેવા અને જૈન સમાજ ઉપર કેવો ઉપકાર કરી રહેલ છે તે માલમ પડે.

આ ગ્રંથમાં આવેલ વિષયો માટે ટીકાકાર મહારાજે તેના સ્થાનદર્શક જે આગમો આવેલ છે તે પ્રમાણોના સ્થાનદર્શક ગ્રંથો અને પ્રકાશકોની નામસૂચિ, વિષયાનુક્રમ, પાઠાંતરો, ટિપ્પણીઓ વગેરે આપી વાંચક, અભ્યાસીવર્ગને માટે સરલ બનાવેલ છે. જ્ઞાનભંડારોના સુંદર શણગારરૂપ થવા સુંદર શાસ્ત્રીલીપીથી ઊંચા, ટકાઉ કાગળો ઉપર શ્રી નિર્ણયસાગર પ્રેસમાં મોટો ખર્ચ કરી સુશોભિત કપડાના બાઈંડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે. કિંમત રૂા. ૫–૮–૦ સાડા પાંચ રૂપીઆ. પોસ્ટેજ જુદું.

### પરમાત્માના ચરિત્રો.

( ગુજરાતી ભાષામાં ) તૈયાર છે.

૧ શ્રી નેમનાથ ચરિત્ર ૨–૦–૦
૨ શ્રી વિમળનાથ ચરિત્ર ૧–૧૨–૦
૩ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર, બે ભાગમાં ૪–૮–૦
૪ શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર ૧–૧૨–૦
૫ શ્રી મહાવીર ચરિત્ર ( આવતા માસમાં પ્રકટ થશે ) રૂા. ૩–૦–૦
૬ શ્રી તીર્થંકર ચરિત્ર ( ચોવીશ જિનેશ્વરના સંક્ષિપ્ત રસપૂર્વક ચરિત્ર ) જૈન પાઠશાળા કન્યાશાળામાં પઠનપાઠન માટે ખાસ ઉપયોગી. રૂા. ૦–૧૦–૦

### છપાતાં મૂળ ગ્રંથો.

१ धर्माभ्युदय ( संघपति चरित्र. )
२ श्री मलयगिरि व्याकरण.
३ श्री वसुदेवहिंडि त्रीजो भाग.
४ पांचमो छठ्ठो कर्मग्रन्थ.
५ श्री बृहत्कल्प भाग ४

શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only